પાટણનું ગૌરવ



સહસ્ત્રલીંગ સરોવર

# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૧૦ • અંક ૨ • સળંગ અંક ૧૧૧ • મુંબઈ • ફેબ્રુઆરી ૨૦૧૬ • પાના ૨૪
• છૂટક નકલ રૂા. ૨/- • RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 2281 1346 • 22811218 • Mobile: 9167902267 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

વરિષ્ઠ નાગરિકોનો લોઢાધામ - જીવદયા ધામનો તા. ૬-૨-૨૦૧૬નો યાત્રાપ્રવાસ આનંદદાયી રહ્યો. શ્રી પાટણ જૈન મંડળના નેજા હેઠળ જીવન સૌરભ સમિતિમાં ખાસ કરીને શ્રી ભરતભાઈ કાંતિલાલ, શ્રી હિતેનભાઈ ચંપકલાલ તથા શ્રી જયેશભાઈ હરસુખલાલે કાર્યક્રમને સફળ બનાવવા ખૂબજ જહેમત ઉઠાવી હતી.

આ કાર્યક્રમના દાતાશ્રી માતુશ્રી જાસુદબેન મણીલાલ લલ્લુચંદ શાહ પરિવાર (ભાભાનો પાડો) તથા શ્રી જીવદયા પરિવાર પાટણવાળા શ્રીમતિ ચંદ્રાબેન રમણિકલાલ શાહનો (કપુર મહેતાનો પાડો), શ્રી પાટણ જૈન મંડળ ખૂબ ખૂબ આભાર માને છે. શ્રી રજનીભાઈ રમણિકલાલ શાહે આ પ્રસંગે જીવદયાનું મહત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે જીવદયાનિધિમાં પટ્ટણીઓ દ્વારા લાખો રૂપિયા જમા થયા હતા, જે ખરેખર ઉલ્લેખનીય છે. વરિષ્ઠ નાગરિકો આવા પ્રસંગે પોતાના જૂના મિત્રોને તથા સગાંવહાલાઓને મળ્યા હતા. યાત્રા પ્રવાસની સુંદર સુવિધાથી તેમને કોઈપણ પ્રકારની તકલીફ પણ પડતી નથી. હું માનું છું કે, આ સેવાભાવી પ્રવૃત્તિઓનો વધારેમાં વધારે વિકાસ થાય અને વરિષ્ઠ નાગરિકોને આ પ્રકારની ધાર્મિક પ્રવૃત્તિથી વધુને વધુ આનંદ મળે તે ઈચ્છનીય છે.

સ્પોર્ટસ સમિતિ દ્વારા ૨૦૧૬ની ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ (Day & Night)નું આયોજન તા. ૨૮-૨-૨૦૧૬ના રોજ તેમજ ૪૫ વર્ષના પટ્ટણીઓની ક્રિકેટ મેચ, ગોરેગામ સ્પોર્ટસ ક્લબ ખાતે છે, તો આપ સૌ બહોળી સંખ્યામાં હાજર રહેશો.

શ્રી પાટણ જૈન મંડળ તરફથી તા. ૧૯-૨-૨૦૧૬ના રોજ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થઈ રહ્યું છે તે ઉપરાંત તા. ૧૩-૩-૨૦૧૬ને રવિવારે વીલેપાર્લા ખાતે ટ્રેડફેરનું આયોજન થનાર છે. અમારી ધારણા લગભગ ૬૦ જેટલા સ્ટોલ્સ રાખવાની ગણતરી હતી તેની સામે સમાજ તરફથી અમને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો છે ૭૫થી વધુ સ્ટોલ્સના બુકીંગ થઈ ચૂક્યા છે, એ ઉપરાંત

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ત્રીજું)

## *From President's Desk...*

Religious excursion of Senior Citizens to Jeevdaya Dham and Lodha Dham was a joyful experience. Committee members of Jeevan Saurabh Shri Bharat Kantilal, Shri Hitenbhai Champaklal Shah (Vimawala) & Shri Jayeshbhai Harsukhlal put in great efforts to see that everyone's needs were taken care of and all the best facilities were given to Senior Citizens. PJM wishes to express their sincere gratitude to the sponsors of this Program **"Smt. Jasudben Manilal Laluchand Shah Family (Bhabhano Pado) and Shri Jeevdaya Parivar, Smt. Chandraben Ramniklal Shah (Kapoor Mehtano Pado). Shri Rajnibhai Shah eloquently expressed the importance of Jeevdaya in our life.**

Sports Committee have organised Cricket Tournament Final-Day & Night Match at Goregaon Sports Club on Sunday, 28-2-2016 between 6 to 10 pm and also for 45 years and above players, a match will take place between 9.00 am to 4.00 pm on same day & same place.

PJM has also organized a Cultural Program on 19-2-2016. In addition to that on Sunday, 13th March 2016 a Trade Fair will take place at Vile Parle. Due to tremendous positive response, we have increased the stall from 60 to 77 and yet many people are in the waiting list. This proves that Patan Samaj is progressive and we should work hard for the economic progress of our Samaj

It is the duty of every Patan family to be present on the occasion and to make this event a success. Families from Mumbai as well as outside Mumbai have participated. In PJM's First Ever

(Cont'd on Pg 3)

## તંત્રી સ્થાનેથી...

# સંબંધના સમીકરણો !!

**“‘કેવળ દવાથી રોગ અમારો નહીં મટે,**
**‘સંબંધ’ પણ ઉમેરો જરી સારવારમાં... !!’’**

**– મરીઝ**

જીવનને જીવતું - ધબકતું રાખનાર સંજીવની ઔષધ એટલે સંબંધ જિંદગીના શબ્દકોષમાં સૌ પ્રથમ શીખવાનો ત્રણ અક્ષરનો શબ્દ એટલે ‘સંબંધ’. આ જગતમાં મનુષ્ય સિવાય અન્ય કોઈ જીવ પાસે આત્મ ઓળખ, આત્મ નિરીક્ષણ અને આત્મ જાગૃતિની શક્તિ નથી. એ શક્તિના મૂળમાં જતાં ખ્યાલ આવે કે દીર્ઘ ચિંતન-મનન અને વાંચન-શ્રવણને પરિણામે આ પ્રાણવાયુસમી શક્તિ પ્રાપ્ત થાય છે. જીવનને સંવાદિતા સાથે જીવંત રાખનારી આ શક્તિ એટલે ‘સંબંધ’.

વર્તમાનમાં સંબંધની પરિભાષા બદલાયેલી જણાય છે જે સમજવા આપણે આપણીજ રીતભાત અને વ્યવહારનું તટસ્થતાથી નિરીક્ષણ કરશું તો આપણાજ સંબંધોની વાસ્તવિકતા ખબર પડશે. દૂરની વાત તો પછી પણ....

આપણી પત્ની સાથેનો આપણો વ્યવહાર ‘સમાનતાનો’ હોય છે કે, ‘માલિકીનો’ ?

આપણા સંતાનોના સ્વતંત્ર અસ્તિત્વ, માન-સન્માન તેમજ વિશિષ્ટ વ્યક્તિત્વનો વિચાર આપણને આવે છે ખરો... ??

આપણા વયોવૃદ્ધ માતા-પિતા સાથેનો આપણો વ્યવહાર કેટલો હુંફાળો, લાગણી સભર અને સંવેદનશીલ હોય છે ??

આપણા પાડોશીઓ સાથેનો આપણો વ્યવહાર કેવો છે ?

ધંધા-નોકરીના સ્થળે સહકર્મચારીઓ સાથેનો આપણો સંબંધ કેવો છે.. ??

ઉપર જણાવેલ તેમજ અન્યો સાથેના આપણા વ્યવહારોનું પ્રમાણિક અવલોકન કરશું તો આપણે જરૂરથી સ્વીકારવું જ પડશે કે આપણા મોટા ભાગના સંબંધો જરૂરિયાતના, બદલો મેળવવાની લાલસાના, સ્વાર્થના અને મતલબના છે. દરેક વ્યક્તિ સાથેના સંબંધમાં આપણે તેના પદ, વગ, ધન તેમજ આપણો સ્વાર્થ વગેરે માપદંડોને મનોમન બરાબર ધ્યાનમાં રાખીએજ છીએ.

છેલ્લા કેટલાય સમયથી સામાજીક, શૈક્ષણિક, ધાર્મિક તેમજ રાજકીય એમ દરેક ક્ષેત્રે નીતિમત્તાનો પારો નીચે ઉતરતો જાય છે તેનું મુખ્ય કારણ આપણા વ્યવહાર (સંબંધ) અને વાતચીતનું કેન્દ્ર બિન્દુ ‘‘આર્થોપાર્જન’’ બની ગયું છે તે છે, આજે મનુષ્યનું મુલ્યાંકન તેની આર્થિક સદ્ધરતાને લક્ષમાં રાખી થાય છે નહીં કે તેના જ્ઞાન, ચારિત્ર કે ગુણસમૃદ્ધિને જોઈને, તેથી જ ‘‘સંબંધો’’ના સમીકરણો બદલાઈ ગયા છે. વર્તમાનમાં પોતાના દ્રઢ સિદ્ધાંતો તેમજ વિશિષ્ટ મુલ્યોથી જીવતા માનવીઓની સંખ્યા સતત ઘટતી જાય છે. આજે સૌ જિદંગી જીવે છે ખરા, પણ જીવવા માટેનો હેતું, ધ્યેય કે જુસ્સો જવલ્લેજ જોવા મળે છે એના કારણોમાં મુખ્યત્વે ‘સંબંધોમાં’ કૃતજ્ઞતાનો અભાવે છે.

જ્યાં જ્યાં વસંત છે, ત્યાં ત્યાં પાનખર  આવે છે. જ્યાં સંયોગ છે, ત્યાં વિયોગ આવે છે. સંબંધો બધા જ ક્યારેક તો સમાપ્ત અવશ્ય થાય છે. આ વાત સત્ય હોવા છતાંય માણસ સંબંધ વિના જીવી શકવા સમર્થ નથી. આ જીવંત વાસ્તવિકતા છે.

તેથીજ મિત્રો, સંબંધ ચિરસ્થાયી બનાવવાજ હોય તો એવા બનાવજો જ્યાં બન્ને પક્ષો કૃતજ્ઞ હોય. તમે તેના માટે કેટલું કર્યું ? એ તમારા વગર કહે તે સમજતો હોય અને તેણે તમારા માટે કેટલો ભોગ આપ્યો ? તે કહેવાની તેને જરૂર ન પડે. આવા સમજદારીભર્યા અને પરિપક્વ સંબંધો બાંધજો જેમાં કોઈપણ પક્ષે આભારની અપેક્ષા કે ઉઘરાણીને સ્થાનજ ન હોય કેવળ કર્તવ્યનોજ ખ્યાલ હોય. **યાદ રાખજો કૃતજ્ઞતા એ સંબંધોનો પ્રાણ છે તેના વગરના સંબંધ ‘કાગળના ફૂલ’ સમાન છે જેમાંથી ક્યારેય સુવાસ મહેકતી નથી.**

❑ **સંપાદક સમિતિ**


**અતિથિગૃહ**

- KKKના અતિથિગૃહમાં ૪ બ્લોક તથા શ્રી શીતલ શાંતિભવન ખાતેના ત્રણ બ્લોકોની વ્યવસ્થા છે.
- આ દરેક બ્લોકમાં એસી, ટીવી તથા ગરમપાણી સહીત અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ છે.
- નવકારશી, બપોરના જમવા સાથે ચઉવિહારની સગવડ છે.
- પાટણ દર્શનની વ્યવસ્થા કરી આપવામાં આવશે.

**KKK અતિથિગૃહ બુકીંગ માટે સંપર્ક :**

કનાસા કલ્યાણ કેન્દ્ર પાટણ - 02766-224720
જનક બાલુભાઈ શાહ - 09323115714
કમલ બાબુભાઈ શાહ - 09820063762

**શ્રી શીતલ શાંતિભવન બુકીંગ માટે સંપર્ક :**

શરદ પટવા - પાટણ- 02766 220040
શૈલેષ કેશવલાલ શાહ - 09821023693

# કનાસા કલ્યાણ કેન્દ્ર

**સહર્ષ જણાવવાનું કે, ઘીના સફેદ ખાખરા, મસાલાના ખાખરા, મીઠી / તીખી મુગડીના, સાજીના મરીના સફેદ / લાલ પાપડ પણ મળશે. પાટણના ઘેસીયા લાડવા માટે ઓર્ડર આપશો તો ફેબ્રુઆરીના અતિમ સપ્તાહથી મળશે.**

**ઓર્ડરથી મીઠાઈમાં દેવડા, મગદળ, મોહનથાળ ઓછામાં ઓછા ૨૦ કિલોના ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.**

**પાટણ : 02766-224720 • મુંબઈ: જીતુભાઈ - 022-32053690 • જયેશભાઈ - 099-203-85597**

**નવા વર્ષની મેમ્બરશીપ - ખાસ આકર્ષણ**

કનાસા કલ્યાણ કેન્દ્ર સફળતાપૂર્વક ૧૧ વર્ષ પૂર્ણ કરી ૧૨માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. **ત્યારે સૌ પ્રથમ ૧૫ માસના લવાજમ રૂા. ૨૫૦૦/- રાખવામાં આવ્યા છે, જેમાં જાન્યુઆરી ૧૬ થી માર્ચ ૧૭ સુધી ૭ ડીલીવરી ઘર પહોંચ કરવામાં આવશે.** આપના કુટુંબીજનો, સગા-વહાલા તથા મિત્રોને અવશ્ય મેમ્બર બનાવવા પ્રયત્ન કરશો. ફોર્મ તથા પૈસા નીચે જણાવેલ વ્યક્તિઓ પાસે જમા કરાવશો.

| | | | |
|---|---|---|---|
| Walkeshwar Dehrasar | Marine Drive | Kalbadevi Road | Gowalia Tank |
| Meenaben - 9833271499 | Deepakbhai - 9820522936 | Janakbhai - 9323115714 | Kamalbhai - 9820063762 |
| Pydhonie / Nagdevi | Pydhonie / Nagdevi | Vile Parle | Santacruz / Vile Parle |
| Shaileshbhai - 9821023693 | Pravinbhai - 9820244026 | Daneshbhai - 9930891985 | Pankajbhai - 9820322648 |
| Andheri | Malad/Kandivali/ Borivali/Dahisar | Goregaon | Vile Parle Sales Centre |
| Niranjanbhai - 9819280255 | Bipinbhai - 9324621637 | Jitubhai - 022-32053690 / 7498115528 | Jayeshbhai - 9920385597 |

ADVT

## પ્રમુખસ્થાનેથી... (અનુસંધાન પૃષ્ઠ પહેલાથી ચાલુ)

થોડા લોકોને વેઈટીંગ લીસ્ટમાં રાખવા પડ્યા છે. પાટણ સમાજ પ્રગતિશિલ સમાજ છે. સમાજ ઉત્કર્ષ સમિતિ જે પ્રમાણે સમાજના આર્થિક વિકાસ માટે પ્રયત્નશીલ છે. તે ખરેખર પ્રશંસનીય છે.

આ ટ્રેડફેરને સમાજે સારો પ્રતિસાદ આપ્યો છે. **આ ટ્રેડફેરની સફળતા માટે દરેક પટણી પરિવાર હાજર રહીને પોતાની પાટણ સમાજ પ્રત્યેની ફરજ પૂરી કરે.** આ ટ્રેડફેરમાં ભાગ લેનાર પરિવારોએ ખૂબ મહેનત કરી છે. એ ઉપરાંત કેટલાય પરિવારો મુંબઈ બહારથી પણ આવવાના છે. આ ટ્રેડફેરમાં આપ હાજર રહીને આપની મનગમતી વસ્તુઓ પસંદ કરીને ખરીદો એવી હું આશા રાખું છું. આ ટ્રેડફેરને ઝળહળતી સફળતા મળે તે માટે આપણે ૧૩ માર્ચ,૨૦૧૬ને રવિવારે દરેકે દરેક પટણી પોતાની ફરજ સમજીને હાજર રહે એવી મારી અપીલ છે.

**શ્રી પાટણ જૈન મંડળની શતાબ્દીની ઉજવણીના ભાગરૂપે આપણે પ્રથમવાર ટ્રેડફેરનું આયોજન કરી રહ્યા છીએ. જેમાં વિવિધ ક્ષેત્રના વ્યવસાયીઓ, બુદ્ધિજીવીઓ તેમજ ડ્રેસ ડિઝાઈનર્સ અને જ્વેલેરી ડિઝાઈનર્સનો સમાવેશ થાય છે.**

આ ટ્રેડફેરમાં ભાગ લેનારા પટણીઓના આત્મવિશ્વાસને સમર્થન આપવા આપ સૌ આપના પાટણની બહારના પણ મિત્રો અને સગાંવહાલા સાથે બહોળી સંખ્યામાં પધારો. આ આપણા પાટણના પરિવારો દ્વારા રજુઆત કરવામાં આવી રહેલ છે તો આપણે સૌ ભેગા મળીને એમને બનાવેલ વસ્તુઓ ખરીદીને પ્રોત્સાહન આપીએ. આમાંના કેટલાક પરિવારો કદાચ પ્રથમવાર જ ભાગ લઈ રહ્યા છે તો તેમના આત્મવિશ્વાસને જાગૃત કરવા આપણે સૌએ હાજરી આપવી આવશ્યક છે.

**સમાજ ઉત્કર્ષ સમિતિ - પાટણ જૈન મંડળ આપને અમંત્રણ આપે છે. ૧૩ માર્ચ, ૨૦૧૬, સમય : સવારે ૯ થી રાત્રે ૯ સુધી, સ્થળ: વિશ્વકર્મા હોલ, બજાજ રોડ, પાર્લા (વે), મુંબઈ.**

**''સબ કા સાથ પાટણ સમાજ કા વિકાસ''**

❑ દિનેશ શાંતિલાલ શાહ

## FROM PRESIDENT'S 1DESK...(Cont. from Page 1)

kind of Trade Fair. Patanis from various fields like business, Dress designers and Jewellery designers have participated. I appeal to all Patnis to come and buy things which will encourage the Patni Participants.

Social Upliftment Committee invites you, your family & your friends for this Trade Fair. "Patnis for Patnis" on Sunday, 13-3-2016, from 9 am to 9 pm

Venue-Vishwakarma Hall, Bajaj Road, Parle (West), Mumbai

**"Sabka Sath, Patan Samaj Ka Vikas"**

❑ **Dinesh Shantilal Shah**

### જાણવા જેવું.... ધાર્મિક, ઐતિહાસિક વાતો

- રાણકપુર તીર્થ ધન્નાપોરવારે બંધાવ્યું.
- તારંગાજી તીર્થ કુમારપાળ રાજાએ બંધાવ્યું.
- ભોજરાજા હરરોજ સવાલાખ સોનૈયાનું દાન આપતા.
- વિક્રમ રાજા હરરોજ સવાકરોડ સોનૈયાનું દાન આપતા.
- આ અવસર્પીણી કાળમાં સર્વ પ્રથમ મોક્ષે મરૂદેવી માતા ગયા.
- સંપ્રતિરાજાએ પૂર્વ ભવમાં પેટની ભૂખ પૂરવા દિક્ષા લીધી.
- પરમાત્માના જન્મની ઉજવણી દેવો સ્નાત્ર પૂજાથી કરે છે.
- કૃષ્ણ મહારાજે ૧૮૦૦૦ સાધુઓને વિધિ સહીત વંદન કર્યું.
- શ્રી ઋષભદેવ ભગવાને પારણું (પ્રથમ) ઈક્ષુરસથી થયું હતું, બાકીના ત્રેવીસ તીર્થંકરોને ખીરથી થયું હતું.
- તીર્થંકર ભગવંત ત્રીજા અને ચોથા આરામાં જ ઉત્પન્ન થાય આ અનાદિ કાળનો નિયમ છે.
- શ્રી શાંતિનાથ ભગવાનની માતાએ ચૌદ સ્વપ્ન બે વાર જોયા, તે સ્વપ્નો તીર્થંકરપણા અને ચક્રવર્તીપણાના સૂચક હતા.


**શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- • સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/- • દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

**• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ •**

ADVT

# P for P — Patanis *for* Patanis

## WHY YOU MUST VISIT

## PATAN JAIN MANDAL TRADE FAIR AND EXHIBITION

**ON**

**13 MARCH 2016 at Vishwakarma Hall, Vile Parle (West)**

**Excellent Opportunity for Patani's & everyone to make intelligent purchases**

- Wide variety of items under one roof.
- Various categories food, home, decor, jewellery, fashion, finance, health, gift, services, etc.
- Value for money - Since no Middle Men or Profits
- Increase your Purchasing Power
- Select useful items for your use and gift.
- View, touch, feel, select and buy
- Products & services for ladies, gents, children
- Promote Patani talents and entrepreneurs
- Contribution to Welfare of Society

## પાટણ તથા અન્ય સમાજના પરિવારોને ખરીદી માટેની સુવર્ણ સંધિ

### તમે કયા કારણોસર ટ્રેડફેરની મુલાકાત અવશ્ય લેશો ? ?

- એક જ છત્ર હેઠળ બહોળી સંખ્યામાં વસ્તુઓ મળશે.
- વાનગી, ઘર સજાવટ, આભુષણ, વસ્ત્ર પરિધાન, નાણાંકીય ધીરાણ અને રોકાણ માર્ગદર્શન, શારિરીક સ્વસ્થતા મેળવવાનો ઉત્પાદનો તથા ઉપાયોનું માર્ગદર્શન, ભેટ, સેવા ઈત્યાદિ જેવા વિવિધ પ્રકારના સ્ટોલ.
- પાટણ સમાજના હુન્નર અને ઉદ્યમને પ્રોત્સાહન તેમજ ઉત્તેજન આપવા.
- તમારા પૈસાની પુરેપુરી કિંમત મેળવવા તે પણ વચેટીયાઓના નફા વગર.
- ઓછા નાણાંકીય વ્યવહારમાં વધારે ખરીદી કરી શકશે.
- તમારી મનપસંદ વપરાશની વસ્તુઓ લેવા તથા ભેટો આપવાની વસ્તુઓની પસંદગી મળશે.
- નજરે નિહાળો, જાતે તપાસો, અનુભવો, પસંદ કરો અને ત્યારબાદ ખરીદો.
- મહિલાઓ, પુરુષો તથા બાળકોના વિવિધ ઉત્પાદનો તથા સેવાઓ.
- સમાજના ઉત્કર્ષમાં આપણી ભાગીદારી અથવા ફાળો.

# PATANIS FOR PATANIS - PJM YELLOW PAGES 2016

| CATEGORY | PARTICIPANT | AREA | PRODUCTS/SERVICES BRIEF | PRICE RANGE |
|---|---|---|---|---|
| DECOR | Ankita Pinakin Shah | Andheri | Creative customised hand made cards, invitations, scrapbooks and albums | Rs. 300 to 4000 |
| DECOR | Jayshree Pankaj Shah | Marine Drive | Handicraft | |
| DECOR | Jayshree Rajiv Shah | Marine Drive | Hand Made Rangoli, Toran & Wedding Articles | Rs.50 to 3000 |
| DECOR | Jinali Hemant Shah | Vile Parle | Abstract Canvas Paintings ( Acrylic & Ink ) | |
| DECOR | Maulik Shah | Walkeshwar | Interior Designing and Graphic Designing | Client Discretion |
| DECOR | Reshma Shah | Marine Drive | Decorative Toran/diya/frames | Rs.250 to 6000 |
| DECOR | Rutvee Shah | Marine Drive | Trousseau/home decor/torans/scrapbooking | Rs.250 to 6000 |
| DRESS | Alpa Hiten Shah | Andheri | Dresses | Rs. 700 to 5000 |
| DRESS | Bhavna Dharmesh Shah | Malad | Designer Sarees, Dressess and Dress Materials. Also Imported Kitchenware | |
| DRESS | Binal Parin Shah | Gowalia Tank | Dress material | Rs.700-1500 |
| DRESS | Charmi Ketan Shah | Borivali | Wedding Dresses | 2000-5000 |
| DRESS | Darshini Shah | Borivali | Designer Ethnic Wear, Tupperwear Products | Rs. 100 to 3000 |
| DRESS | Kanubhai Mafatlal Salvi | Vadodara | Patola Sarees | |
| DRESS | Payal bhavin Shah | Andheri | Kids Clothes | Rs. 1000 to 2000 |
| DRESS | Sarla & Sheela Shah | Marine Drive | Dress Materials, Immitation Jewellery | Rs. 500 to 5000 |
| DRESS | Shailee Chudghar | Chinchbunder | Designer Kurtis, American Diamond Jewellrey | Rs.700 to 5000 |
| DRESS | Varshaben Parikh | Ahmedabad | Dresses | |
| FASHION | Agna Jinesh Shah | Marine Drive | Designer Clutch Bags | Rs. 1000 to 2000 |
| FASHION | Bharat K Shah | Walkeshwar | Batwa, Embroidery | |
| FASHION | Bhavana/Pooja Shah | Nepeansea Rd | Clutches and Bags | Rs. 900 to 4000 |
| FASHION | Chetna Amit Vora | Walkeshwar | Designer bags,clutches, slings ,party purses. Samaik bags,mobile covers etc | Rs. 250 to 1200 |
| FASHION | Jigna Rajesh Shah | Borivali | Branded ladies hands bags,cluches & accessories | |
| FASHION | Jinal Sanay Shah | Andheri | Purses & Bags | |
| FASHION | Jinal Shah | Goregaon | Fashin Designing | |
| FASHION | Jinal Shah | Goregaon | Fashin Designing | |
| FASHION | Naishal Shah | Goregaon | Slings, Totes, Wallets, Laptop Bag, First Copy, Formal bags | Rs. 300 to 3000 |
| FASHION | Parul Jhaveri | Chowpatty | Fashion Designing | |
| FINANCE | Devesh Shah/Chandni Shah | Chowpatty | FINANCIAL PLANNER for Individuals & Families to Protect, Create and Enhance Wealth ( with Tax Planning) | Client Discretion |
| FINANCE | Girvan Dilipbhai Shah | Bhayander | Stock & Inv | |
| FINANCE | Karishma Rajendra Patani | Borivali | Insurance Service | |
| FINANCE | Sandip Pramodbhai Teliawala | Marine Drive | Stock Inv | Client Discretion |
| FINANCE | Bijal Viral Dalal | Malad | Stock & Inv | Client Discretion |
| FOOD | Dhaval Dipakkumar Shah | Patan | Home based Food | |
| FOOD | Dimple Hitesh Shah | Juhu | Food Stall | |
| FOOD | Harsha Kaushik Parikh | Borivali | Home Based Food | |
| FOOD | Jayesh Balubhai Shah | Vile Parle | Food Stall | |
| FOOD | Jigna A Shah | Chowpatty | Mouth Freshener (Mukhwaas) made from dry fruits, spicy and salty base, fruit flavours | Rs. 600 to1200/Kg |
| FOOD | Kanasa Kalyan Kendra | Patan | Food Stall | |
| FOOD | Parshawa Jayesh Shah | Vile Parle | Tea Stall | |

# PATANIS FOR PATANIS - PJM YELLOW PAGES 2016

| CATEGORY | PARTICIPANT | AREA | PRODUCTS/SERVICES BRIEF | PRICE RANGE |
|---|---|---|---|---|
| FOOD | Rachna P Shah | Grant Rd | Food Stall | |
| FOOD | Rujuta Vikas Shah | Goregaon | Choclate | Rs. 50 to 1000 |
| FOOD | Rupal Rakesh Shah | Matunga | Home Based Food, Masala & Sharbat | Rs.100 to 500 |
| FOOD | Sonal Amish Shah | Goregaon | Food Items | Rs. 100 to 300 |
| GIFT | Gopi Mihir Shah | Goregaon | Handmade Gifting Articles like Paper Quilling wall clocks, photo frames, name plates, Scrapbook albums, Journals, cards, envelopes And Classes | Rs. 100 to 25000 |
| GIFT | Kanan Suresh Shah | Marine Drive | Gift Packing, Flower, Chocolates | |
| GIFT | Shweta Ketan Shah | Marine Drive | Jewellery, Gift Wrapping, Posters, | Rs.250 to 1250 |
| GIFT | Sujata Nimesh Shah | Worli | Poetry & Gifts | |
| HEALTH | Hemal Arvind Shah | Santacruz | Martial Arts, Self Defence, Fitness | Client Discretion |
| HEALTH | Himanshu Parekh | Kandivali | Diagnostic Services | Client Discretion |
| HEALTH | Janak Chandulal Shah | Goregaon | HERBAL AYURVEDIC PRODUCTS | |
| HEALTH | Ketki Ajay Shah | Vile Parle | Herbal Healthcare Products | |
| HOME | Disha Punit Shah/ Rinku Milind Shah | Goregaon | Mukhwas, Jewellery, Dresses, Tupperware | |
| HOME | Mona Rajesh Shah | Bhayander | Tuperware & dress | |
| HOME | Namita Jayesh Shah | Vile Parle | Tuperware, Malemine | |
| HOME DECOR | Ashish Jaykumar Shah | Malad | Kitchen Appliances | |
| HOME DECOR | Bhumika Milind | Vasai | Customised loose furniture and interior design | Rs.10000 to 150000 |
| HOME DECOR | Bhumika Milind | Vasai | Customised loose furniture and interior design | Rs.10000 to 150000 |
| HOME DECOR | Dhruvi D. Shah | Grant Rd | handpainted bedsheets & handerkerchiefs, paper quilling, paper art & perfumes | |
| HOME DECOR | Hetal Hemal Shah | Vile Parle | Home Decore & Furniture | |
| HOME DECOR | Sweta Shah | Vile Parle | Interior Designing | Client Discretion |
| JEWELLERY | Alpa Hiten Shah | Andheri | Ornaments | Rs. 300 to 3000 |
| JEWELLERY | Dipali Mihir Mehta | Andheri | Contemporary Fashion & Traditional Jewellery | |
| JEWELLERY | Ketki Deepak Shah | Goregaon | Ornaments & Imitation Jewellery | |
| JEWELLERY | Nutan Pritesh Parikh | Kandivali | Imitation Fashion & Silver Jewellery | |
| JEWELLERY | Sheetal Shah | Vile Parle | Immitation Jewellery, Hot Choclates | Rs. 125 to Rs. 3000 |
| JEWELLERY | Shilaben Dipakbhai Patni | Andheri | Imitation Jew, Décor | |
| JEWELLERY | Simki D Shah/Hiral J Shah | Goregaon | Designer Beads Jewellery | Rs. 00 to 4000 |
| JEWELLERY | Sweta Devang Shah | Goregaon | Jewellery | Rs. 100 to 2500 |
| SERVICES | Bhadrik Zaveri | Kandivali | Events like Musical Night, Dandia Raas, Devotional Show, Drama, Wedding Ceremony, Karaoke Setup, Birthday Party, Anniversary, Gazal Night | Client Discretion |
| SERVICES | Devang Mahendra Shah | Goregaon | Yoga Training, IMBO | Rs. 1500 onwards |
| SERVICES | Hemangi Sanghvi | | MEHENDI ART CRAFTS, Patola Dupattas, Shawls | 50 - 100 per hand |
| SERVICES | Jitendra Shah | Mahalaxmi | Jain Magazine | Client Discretion |
| SERVICES | Jyoti Asvinbhai Shah | Malad | DREAM UNIVERSITY ABROAD | Client Discretion |
| SERVICES | Hardik Safri | Virar | Tours & Travels | |
| SERVICES | Parin Bhavik Shah | Kandivali | "Toys & Books Library Brands Like: VTECH, SKILLOFUN, PLAYSKOOL,EDUEDGE, TOMY, DISNEY, FISHERPRICE, FRANK, CREATIVE" | 400 onwards |
| SERVICES | Sheetal Kirit Sandesara | Borivali | Architectural Lighting Design | Client Discretion |
| SERVICES | Sneha Rajendra Shah | Vile Parle | Insurance, Tours | Client Discretion |

# SHREE PATAN JAIN MANDAL

# TRADE FAIR

## 'PATANIS FOR PATANIS'

## આપનો પ્રસંગ, 'આપણી યુનીટી'

## Sunday,13th March 2016

## પટ્ટણીઓના ઉત્કર્ષ માટેનું
## નક્કર પગલું

**Time: Morning 9.00 to Evening 9.00**
**Place: Vishwakarma Baug, 36/37, Bajaj Rd.,**
**Vile Parle (West), Mumbai 400056**

**For Further Details, Contact:**
**SHREE PATAN JAIN MANDAL - HEAD OFFICE**
77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai 400020.
Phone: 22811346, 22811218, Mobile: 9167902267

**-: SPONSORS - EVENT DONORS :-**
Dr. Jashwantlal Manilal Shah - Bhabhano Pado
Shri Dipakbhai Mohanlal Shah - Mahalaxmimatano Pado
Kanasa Kalyan Kendra, Kanasano Pado, Patan-Mumbai
Shrimati Bhagwatiben Vinodchandra Shah(Matliwala)-Kanasano Pado

# TRADE FAIR

## P *for* P — Patanis *for* Patanis






વ્હાલા પટ્ટણીજનો,

મનોરંજન કાર્યક્રમોમાં દરેક વખતે આપણે સહભાગી થઈએ છીએ, પણ તમારા દરેકના અંતરમાં એક લાગણી તમને બધાને મુંઝવતી હશે! આપણે પટ્ટણીઓ એક બીજાના પૂરક છીએ? શું એકબીજાના સહભાગી છીએ? અને એ જ લાગણીને વાચા આપવા, એજ લાગણીનો પડઘો પાડવા અમે કાર્યકર્તાઓએ બીડું ઝડપ્યું છે. પાટણ જૈન મંડળ સમાજ ઉત્કર્ષ સમિતિ દ્વારા ટ્રેડફેરનું આયોજન થઈ રહેલ છે. જેનો હેતુ પટણીઓ પરસ્પરના સહકારથી આર્થિક ઉન્નતિના નવા શીખર સર કરી શકશે. આ ટ્રેડફેર તા. ૧૩-૦૩-૨૦૧૬ને દિવસે વિશ્વકર્મા હોલ, વિલેપાર્લા (વેસ્ટ) ખાતે યોજવામાં આવેલ છે.

અત્યારે ''Make in India'' સામે આપણે ''Make of Patan'' દ્વારા આપણે પાટણવાલાઓની રચનાત્મક કૃતિઓનું દર્શન કરવા મળશે 'પટણીઓ માટે પટણી' આ સૂત્ર દ્વારા આપણે પટણીઓની સંગઠન શક્તિ અને એકતાનું પ્રદર્શન કરવા માંગીએ છીએ. આપણા સમાજના બુદ્ધિજીવીઓ માટે અને શ્રમજીવીઓની મહેનતને ચમકાવવાનો આ અનોખો પ્રયાસ છે.

આ 'ટ્રેડફેર'માં આપણાને સફળતા મળે તો ''ટ્રેડ અને ઈન્ડસ્ટ્રી''નો મોટા પ્રમાણમાં કાર્યક્રમ રાખવાનું અમારું સ્વપ્ન છે.

ટ્રેડફેર આયોજન સમિતિ દ્વારા મજકુર આયોજનમાં ભાગલેનાર સમાજના પરિવારોને તેમના સ્ટોલમાં રખાયેલ વસ્તુઓના વેચાણમાં સહાયક થવાના શુભ આશયથી રૂા. ૧૦૦૦/-થી રૂા. ૫૦૦૦/-ની કુપન્સ રાખવામાં આવેલ છે. જે મંડળના મુખ્ય કાર્યાલયમાંથી અગાઉથી મેળવી તમારી મનગમતી વસ્તુઓ ખરીદ કરી આપ પાટણ સમાજ પ્રત્યેની આપણી ફરજ પૂરી કરો. કોઈના કોઈ રીતે બીજા આયોજનમાં ભાગ લઈએ છીએ તો શા માટે આપણા જ પ્રસંગમાં આપણે હાજર ના રહી શકીએ!

આ પ્રસંગ તમારો જ પ્રસંગ છે. તમારા ઘરના જ સભ્યોનું Participation છે. આપની હાજરીથી વિવિધ વર્ગોના આપણા સમાજના સ્ટોલ ધારકોનો આત્મવિશ્વાસ વધશે. શક્તિ મળશે. આપના સમર્થનથી સહકારથી પાટણ સમાજ ઉચ્ચ સ્તર પર પહોંચશે. આપને પણ પાટણ સમાજ માટે કંઈક કરી છૂટવાનો આનંદ મળશે.

ચાલો સૌ પરિવારજનો, મિત્રો, સગાંવહાલા, સંબંધીઓ સાથે ૧૩-૩-૨૦૧૬ને રવિવારે પાર્લા જઈએ.

**'સબકા સાથ પાટણ સમાજકા વિકાસ' સૂત્રને સાર્થક કરીએ.**

# TRADE FAIR

## P *for* P — Patanis *for* Patanis




As a part off the Centenary Celebrations Patan Jain Mandal has ventured to host a Trade Fair for the first time. This will include participants who are professionals, entrepreuners, designers, creators of designer dresses as well as designer jewellery etc.

Attend the Trade Fare in large numbers with your family and friends to boost up participants' confidence and see for yourself the skills of our own Patani participants in different areas. Appreciating the sincere efforts of our own Patni participants by purchasing their articles in the Trade Fare & bonding up a long term relationship with the participants. This will not only inspire our participants to set and attain higher goals but also inspire these entrepreuners to do something new and better.

The participants and the committee have done their part. Now the onus is on all of us to reciprocate their efforts. Hence it becomes the moral duty of every Patni to ensure that this venture attains roaring success. This calls for total commitment and active participation from each and every Patni.

Patan Jain Mandal & Economic Empowerment Committee takes great pleasure in inviting you all to the Trade Fair

**At** **Vishwakarma Hall**
**On** **Sunday - 13th March, 2016**
**Time** **9.00 a.m. to 9.00 p.m.**

Hence please block this date 13th March, 2016 in your calendar and please do take time out of your busy schedule and visit this Trade Fair with your family & friends on Sunday between 9.00 a.m. to 9.00 p.m. Your presence will make a huge difference. Expecting to see you in large numbers with your family & friends.

**PJM Trade Fair & Exhibition Organising Committee with noble intention of Welfare of Samaj at large, has commenced Sale of Coupons in advance valued @ Rs 1000, 2000, 5000 and above. The said Coupon holder/buyer is entitled to encash against vide range of products & services of their choice at Trade Fair, to take home VALUE FOR YOUR MONEY. PJM earnestly appeals to all to buy said Coupons in advance.**

# જીવદયાધામ અહેવાલ



પ.પૂ.પ્ર. નિરાલાજી મ.સા.નું મંગલિક



લોઢાધામ ખાતે નવકારશી કરતા સદસ્યો

શ્રી પાટણ જૈન મંડળના નેજા હેઠળ જીવન સૌરભ સમિતિએ શનિવાર, તા. ૬-૨-૨૦૧૬ના રોજ લોઢાધામ - જીવદયાધામ યાત્રામાં મહોરેલા ગુલમહોરની સૌએ ઉમળકાભેર ઊજાણી કરી. સમવયસ્કો સાથેની અતિતની અવિસ્મરણીય સ્મૃતિના સાહજીક સંભારણાની અદ્વિતિય મહેફીલને વરિષ્ઠ નાગરિકોએ મન મુકીને માણી અને મહેકાવી.

શ્રી પાટણ જૈન મંડળ મરીન ડ્રાઈવ, ચોપાટી, વાલકેશ્વર વિલેપાર્લા, ગોરેગામ, બોરીવલી, ભાયંદર તથા મધ્ય મુંબઈના વિવિધ સ્થળોએથી સવારે ૬.૩૦ કલાકે પ્રસ્થાન કરી વસઈની જનદિક જુચંદ્ર ખાતે લગાભગ ૮.૦૦ વાગેથી ક્રમાનુસાર બસો દ્વારા લોઢાધામ પહોંચ્યા, જ્યાં શ્રી સીમંધર સ્વામી દાદાના દર્શન કર્યા. અંદાજે ૫૦૦ વરિષ્ઠ નાગરિકો, દાતાઓ, સંસ્થાના ઊચ્ચ હોદ્દેદારો અને જીવન સૌરભ સમિતિના સભ્યોએ લજ્જતદાર નવકારશી માણી. સાથોસાથ અત્રેની સુસંસ્કૃત અને સુવ્યવસ્થિત લાયબ્રેરીની મુલાકાત લઈ સૌએ અંતરથી સંતોષ અનુભવ્યો.

લગભગ ૧૦ વાગે લોઢાધામથી રવાના થયેલ ૧૨ બસો દ્વારા ૧૧ વાગતા પહેલા વિરાર ટોલનાકા નજદિક ભાલીવલી ગામમાં આવેલ શ્રી રિદ્ધિ સિદ્ધિ પાર્શ્વનાથ દાદાના દરબારે પહોંચ્યા, જ્યાં સ્નાનાદિથી પરવારી જિનાલયના રંગમંડપ ખાતે હકડેઠઠ મેદની સાથે સુંદર ભાવવાહી સ્નાત્ર મહોત્સવ ઉજવવામાં આવ્યો તેમજ આરતી-મંગલદીવો કરી પ્રભુજીને વધાવવામાં આવ્યા.

બપોરના ભોજન પશ્ચાત શ્રી રાહુલભાઈ જૈન અને સાથીવૃંદ દ્વારા સુંદર ગીતસંગતીનો કાર્યક્રમ રજુ કરવામાં આવેલ, જેમાં અંતમાં લોકગીતોની સુમધુર મેલડીના તાલે વરિષ્ઠજનો તથા જીવન સૌરભ સમિતિના કાર્યકરોને ગરબા લેવડાવી આનંદમાં અનેકગણો ઉમેરો કરવામાં આવેલ.

કાર્યક્રમની મધ્યમાં જીવદયાધામ તીર્થ પ્રેરક શાસન પ્રભાવક પ.પૂ. તપગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામસુરીશ્વરજી મહારાજ (ડહેલાવાળા)ના શિષ્ય પ.પૂ. પ્રર્વતક શ્રી રાજચંદ્ર વિજયજી (નિરાલાજી) મ.સા.નું આગમન થતા સૌએ તેમને ખમાસણા આપી ગુરુવંદન કરેલ. ત્યારબાદ તેમના દ્વારા ઉપસ્થિત ભાઈ-બહેનોને માંગલિક સંભળાવવામાં આવેલ.

પ્રમુખ સ્થાનેથી શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહે પોતાના વક્તવ્યમાં જીવન સૌરભની વિવિધ સોવાલક્ષી પ્રવૃત્તિને વધારવાની અને વિકસાવવાની આવશ્યકતા પર તેઓએ ભાર મૂક્યો હતો. તેમજ તેમણે માતુશ્રી જાસુદબેન મણીલાલ લલ્લુચંદ શાહ પરિવાર (ભાભાનો પાડો) તથા શ્રી જીવદયા પરિવાર (પાટણવાળા) શ્રીમતી ચંદ્રાબેન રમણિકલાલ શાહ પરિવાર (કપૂર મહેતાનો પાડો) દાતા પરિવારો પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો. તેમજ જીવન સૌરભના માનદમંત્રી શ્રી ભરતભાઈ કાંતિલાલ શાહ, શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ શ્રી જયેશભાઈ હરખુખલાલ શાહ તથા અન્ય સમિતિના સભ્યોની સેવાને અદ્વિતિય ગણાવી હતી. ઉપરાંત મંડળની સહાયક પ્રવૃત્તિઓની આછેરી ઝલક આપવામાં આવી હતી.

જીવદયાધામ પ્રેરણાદાતા નિરાલાજી મ.સા.ના સંસારી પુત્ર શ્રી રજનીભાઈ રમણીકલાલ શાહ (કપુરમહેતાનો પાડો) દ્વારા જીવદયાધામ નિર્માણ વિચારથી સાકાર થવા પર્યંતની વિગત સવિસ્તાર રજુઆત કરવામાં આવેલ, તેમજ વર્ષાનુંવર્ષ વધતા જતા કતલખાનાઓ અને ગોમાંસ નિકાસ અંગેના આંકડાઓની વિગતો પુરી પાડવામાં આવેલ. સાથોસાથ પાંજરાપોળ વિકાસ અંગેની વિવિધ યોજનાઓ પ્રત્યે સૌનું ધ્યાન દોરતા જણાવેલ કે આપણા બાળકોને જીવદયા પ્રત્યેની ફરજ અને જરૂરિયાત સમજાવવી



**શ્રી મહેશભાઈ આર. શાહનું અભિવાદન કરતાં મંડળના ઉપપ્રમુખશ્રી યશવંતભાઈ ઝવેરી**



**શ્રી નરેશભાઈ તથા શ્રીમતી જયશ્રીબેનનું અભિવાદન કરતા મંડળના પ્રમુખશ્રી દિનેશભાઈ**

અત્યારની સૌથી તાતી જરૂરિયાત છે, માટે જ અમને પાંચ કરોડ ચાર લાખના દાતા કરતા રૂા. ૯૦/-ના Cow Bankની ટીપે ટીપે સરોવર ભરાય તેવી યોજનાનો અધિકાધિક લાભ લેવાય તે પ્રત્યે ભાર આપવામાં આવેલ.

તેમની રજુઆતને સમર્થન આપતા મંડળના પ્રમુખ શ્રી દીનેશભાઈ શાંતિલાલ શાહ દ્વારા તેમના ભાઈ શ્રીમહેન્દ્રભાઈની કાયમી સ્મૃતિ રૂપે

રૂા. ૧૫,૦૦,૦૦૦ સેડ ખાતે (સિદ્ધચક્રની પોળ)
હ. શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહ (કોકાનો પાડો)
રૂા. ૨,૦૦,૦૦૦ શ્રી નરેશભાઈ નવનીતલાલ શાહ
રૂા. ૧,૦૦,૦૦૦ બાબુ અમીચંદ પનાલાલ આદીશ્વર દેરાસર ટ્રસ્ટ વાલકેશ્વર
રૂા. ૫૦,૦૦૦ શ્રીમતી વિમળાબેન મહાસુખલાલ શાહ (કલકત્તાવાળા)
રૂા. ૧૫,૫૦૦ શ્રી યશમુખભાઈ ડાહ્યાભાઈ માટલીવાલા
રૂા. ૧૧,૦૦૦ શ્રી જે.કે.શાહ,
રૂા. ૧૧,૦૦૦ શ્રી યશવંતભાઈ હરીભાઈ ઝવેરી
રૂા. ૧૧,૦૦૦ શ્રી ભરતભાઈ કાંતિલાલ શાહ
રૂા. ૧૧,૦૦૦ શ્રી હિતેનભાઈ ચંપકલાલ વીમાવાળા
રૂા. ૧૧,૦૦૦ શ્રીમતી ભદ્રિકાબેન જસવંતલાલ શાહ
રૂા. ૧૧,૦૦૦ શ્રીમતી માલીનીબેન જયેશભાઈ હરસુખલાલ
રૂા. ૧૧,૦૦૦ શ્રીમતી સાધનાબેન મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ
રૂા. ૧૧,૦૦૦ શ્રી દેવેન્દ્રભાઈ ભોગીલાલ જાફુજીવાળા
રૂા. ૧૧,૦૦૦ શ્રીમતી વીણાબેન બીપીનચંદ્ર શાહ
રૂા. ૧૧,૦૦૦ શ્રી કીર્તિલાલ જેશીંગલાલ શાહ
રૂા. ૧૧,૦૦૦ શ્રી મહેશભાઈ ભોગીલાલ સોનાવાલા
રૂા. ૧૧,૦૦૦ શ્રી સુરેશભાઈ અમરતલાલ પટણી
રૂા. ૧૧,૦૦૦ શ્રી મીલીનભાઈ વીપીનચંદ્ર શાહ
રૂા. ૧૧,૦૦૦ શ્રીમતીબેન બાબુલાલ (જલગાવ)
રૂા. ૧૧,૦૦૦ શ્રીમતી રાગીણીબેન ભરતભાઈ શાહ

આ ઉપરાંત મંડળ દ્વારા યાત્રા પ્રવાસમાં જોડાયેલ સદસ્યો દ્વારા રજીસ્ટ્રેશનના લેવાયેલ પ્રત્યેકના રૂા. ૧૦૦/- મૂજબ કુલ રૂા. ૫૧,૦૦૦/- જીવદયાનિધિ ખાતે અર્પણ કરવામાં આવેલ.

આ પ્રસંગે દાતા પરિવારના શ્રી નરેશભાઈ નવનીતલાલ તથા શ્રીમતી જયશ્રીબેન નરેશભાઈ શાહનું મંડળના પ્રમુખ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ તથા શ્રીમતી નયનાબેન દિનેશભાઈ



**શ્રી યોગેશભાઈ તથા શ્રીમતી નીશાનું અભિવાદન કરતા મંડળના માનદ્‌મંત્રી (એડ.)શ્રી અશ્વીનભાઈ તથા શ્રી રાજેન્દ્રભાઈ**



**શ્રી રજનીભાઈ તથા શ્રીમતી આશાબેનનું અભિવાદન કરતા શ્રી હિતેનભાઈ તથા શ્રી જયેશભાઈ**



**જીવદયા ધામમાં વક્તવ્ય આપતા મહાનુભવો**

શ્રી દિનેશભાઈ શાંતિભાઈ શાહ | શ્રી રજનીભાઈ રમણિકલાલ શાહ | શ્રી હિનેતભાઈ ચંપકલાલ શાહ | શ્રી જયેશભાઈ હરસુખલાલ શાહ




**જીવદયા ધામમાં ભક્તિ સંગીત આપતા શ્રી રાહુલભાઈ તથા કલાકારો**

શાહ, શ્રી રજનીભાઈ રમણિકલાલ શાહ તથા શ્રીમતી આશાબેન રજનીભાઈ શાહનું મંડળના એડમીનીસ્ટ્રેશન સેક્રેટરી શ્રી હિતેનભાઈ ચંપકલાલ વીમાવાળા તથા શ્રીમતી શિલ્પાબેન હિતેનભાઈ શાહ દ્વારા, શ્રી મહેશભાઈ રમણિકલાલ શાહ તથા શ્રીમતી પરેશાબેન મહેશભાઈ શાહનું મંડળના ઉપપ્રમુખ શ્રી યશવંતભાઈ હરીલાલ ઝવેરી તથા શ્રીમતી ભારતીબેન યશવંતભાઈ ઝવેરી, શ્રી જે.કે. શાહ દ્વારા તેમજ શ્રી સ્નેહ કમલેશભાઈ શાહનું શ્રીમતી તૃપ્તીબેન રાજેન્દ્રભાઈ શાહ, મંડળના માનદમંત્રી એડમીનીસ્ટ્રેશન શ્રી અશ્વીનભાઈ પનાલાલ શાહ તથા શ્રી જયેશભાઈ હરસુખલાલ શાહના વરદ હસ્તે તીલક - પુષ્પગુચ્છ તથા શાલ એનાયત કરી અભિવાદન કરવામાં આવેલ.

ત્યારબાદ જીવન સૌરભ સમિતિના સર્વે સભ્યોને મંચ ઉપર ઉપસ્થિત રહેવા હાંકલ કરવામાં આવેલ, જેમનું સર્વે વરિષ્ઠજનો દ્વારા તાળીઓના ગડગડાટથી અભિવાદન કરવામાં આવેલ.

આ કાર્યક્રમને અંતર્ગત બસોમાં યાત્રિકોને લાવવા લઈ જવા, રૂમ ફાળવણી ભોજન ઈત્યાદીની સુંદર વ્યવસ્થા ઈત્યાદીમાં સખત પરિશ્રમ લઈ સફળતા અપાવનાર સમિતિના માનદમંત્રીઓ તથા સર્વે સભ્યો પ્રત્યે આભારભાવ વ્યક્ત કરવામાં આવે છે.

સમગ્ર દિવસ દરમ્યાન જીવદયા ખાતે સર્વે વરિષ્ઠ નાગરિકોની વિશિષ્ઠ કાળજી રાખવા સમિતિના સભ્યો ચોમેર ફરી રહ્યા હતા.

યાત્રા પ્રવાસમાં જોડાયેલ મુરબ્બીઓના ફોર્મનું કોમ્પ્યુટરાઈઝ વર્ગીકરણ બસોની ફાળવણી વગેરે કાર્યોમાં મંડળના મેનેજર શ્રી મનુભાઈ જોષી, શ્રી રાગેશભાઈ શાહ તથા અન્ય સર્વે કર્મચારીઓ દ્વારા સાંપડેલ સક્રિય સહયોગ બદલ અંતઃકરણપૂર્વક આભાર પ્રદર્શિત કરવામાં આવે છે.

ટૂંક સમયના અંતરાલ પશ્ચાત ગીત - સંગીતના કાર્યક્રમની પુનઃશરૂઆત થયેલ. જેની પૂર્ણાહુતીએ સાંજના ચોવિહારની વ્યવસ્થાને સૌએ ન્યાય આપેલ.

કાર્યકરોને હૈયે કંઈક અર્થપૂર્ણ કરી છૂટ્યાના આનંદનો અર્વિભાવ હતો. સભ્યોના મુખ પર સુખ અને સમતાની લહેરખી હતી. તેમના મુખારવિંદ પર મળ્યાના આનંદ કરતાં વિખૂટા પડવાના રંજ સ્પષ્ટ દેખાતો હતો. એક સુંદર અને મનભાવન કાર્યક્રમ જિંદગીની અસમંજસ અને અવઢવને વિસારી સૌએ મનભર માણ્યો હતો.

આ કાર્યક્રમની એક વિશેષતા રહેલ કે ધર્મશાળા, ભોજનશાળાની સર્વે સગવડતાઓમાં જીવદયાધામ પરિવારના દાતા પરિવારના સર્વે ભાઈ-બહેનોએ ઉત્સાહપૂર્વક જોડાઈ વરિષ્ઠજનોની વિશિષ્ટ દેખભાળ કરી તેમના આશિષ મેળવેલ. ઉપરાંત દાતા પરિવાર દ્વારા જિનાલયથી પાંજરાપોળ જવા આવવા વાહનની વ્યવસ્થા પણ પુરી પાડવામાં આવેલ.

જેમના સહયોગ વગર આજનો આ કાર્યક્રમ કદાચ શક્ય ન બન્યો હોત તેવા સુજ્ઞ દાતાઓના મુખ પર સમાજ પ્રત્યેનું ઋણ અદા કરવાનો અગમ્ય આત્મસંતોષ હતો.

જીવદયાધામ ખાતે યાત્રાર્થે પધારેલ સમાજના વરિષ્ઠજનો, મંડળના હોદ્દેદારો તેમજ જીવન સૌરભ સમિતિના સભ્યો દ્વારા અત્રેના શહસ્ત્રફુટના દર્શનનો લાભ લેવાની સાથોસાથ પાંજરાપોળની મુલાકાત લેવામાં આવેલ.

આ કાર્યક્રમમાં મંડળ ઉપપ્રમુખ શ્રી રોહીતભાઈ મહાસુખલાલ શાહ, મંડળના માનદમંત્રી એડમીનીસ્ટ્રેશન શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ, શ્રી અશ્વીનભાઈ પનાલાલ શાહ પણ ઉપસ્થિત રહી દરેક કાર્યોમાં સહયોગ પ્રદાન કરવામાં આવેલ.

કાર્યક્રમનું સંચાલન તેમજ આવકાર મંડળ તથા જીવનસૌરભ સમિતિના, માનદ્મંત્રી (એડ્ મીનીસ્ટ્રેશન) શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ (વીમાવાળા) દ્વારા કરવામાં આવેલ.



જીવન સૌરભ સમિતિના કાર્યકરો

## જીવન સૌરભ સમિતિ

શ્રી યશવંતભાઈ હરીલાલ ઝવેરી-ઉપપ્રમુખ
શ્રી ભરતભાઈ કાંતિલાલ શાહ-માનદ્‌મંત્રી
શ્રી હિતેનભાઈ ચંપકલાલ વીમાવાળા-માનદ્‌મંત્રી
શ્રી જયેશભાઈ હરસુખલાલ શાહ-માનદ્‌મંત્રી

**મરીનડ્રાઈવ વિભાગ : કાલબાદેવી થી પાયધૂની**

શ્રી મુકેશભાઈ સેવંતીલાલ શાહ
શ્રી રાજેશભાઈ પ્રેમચંદ શાહ
શ્રી વિપુલભાઈ વિરેન્દ્રભાઈ નગરશેઠ
શ્રીમતી અમિષાબેન ભાવેશભાઈ શાહ
શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈ શાહ
શ્રી વિનેશભાઈ અરવિંદભાઈ શાહ
શ્રી રાજીવભાઈ કેશરીચંદ શાહ

**વીટી થી ડોંબીવલી-વાશી**

શ્રી નિતિનભાઈ રમણલાલ પટણી
શ્રી દિપકભાઈ પ્રેમચંદ શાહ

**વાલકેશ્વર/ચોપાટી વિભાગ**

શ્રી કેતનભાઈ હસમુખભાઈ શાહ
શ્રી મનીષભાઈ નલીનભાઈ શાહ
શ્રીમતી નીશાબેન દિપેશભાઈ શાહ
શ્રી કૌશલભાઈ મધુકાંત ઝવેરી

**વિલેપાર્લા વિભાગ : બાંદ્રાથી વિલેપાર્લા**

શ્રી જયેશભાઈ કુમારપાળ શાહ
શ્રી હરીશભાઈ એમ. ચોક્સી
શ્રીમતી કેતકીબેન અજયભાઈ શાહ
શ્રીમતી મોનાબેન વિમલેશભાઈ શાહ

**ગોરેગામ વિભાગ :**

**જોગેશ્વરી - ગોરેગામ - મલાડ**

શ્રી યશવંતભાઈ મહાસુખલાલ શાહ
શ્રી નીલેશભાઈ અરૂણભાઈ શાહ
શ્રી વિજયભાઈ જે. શાહ
શ્રી પ્રાપ્તીબેન આશીતભાઈ શાહ
શ્રી સ્નેહાબેન વિપુલભાઈ ઝવેરી

**બોરીવલી વિભાગઃ**

શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ
શ્રી મિલનભાઈ વિપીનચંદ્ર શાહ
શ્રીમતી માયાબેન મીનેષકુમાર શાહ

**દહિસરથી વિરારઃ**

શ્રી નીલેશભાઈ કાંતિલાલ શાહ
શ્રી ધુમિલભાઈ શૈલેષભાઈ સાલવી
શ્રીમતી શોભનાબેન કીરીટભાઈ શાહ



જીવદયા ધામ ખાતે ઉપસ્થિત માનવ મહેરામણ



સ્નાત્ર મહોત્સવ ઉજવણી

# પાટણનું ગૌરવ

## સહસ્ત્રલિંગ સરોવર

ગુજરાતના ઈતિહાસમાં સોલંકી કાળ ‘સુવર્ણ યુગ’ ગણાય છે. આ યુગમાં ગુજરાતનો સૂર્ય સોળે કળાએ ખીલતો હતો. સોલંકી યુગના મહારાજાઓ, સમ્રાજ્ઞીઓ મહાન હતા. એ યુગના સ્થાપત્યો બેનમૂન હતાં. સોલંકી યુગના આ સ્થાપત્યોનું અદ્ભુત વર્ણન પ્રાચીન ગ્રંથમાંથી પ્રાપ્ત થાય છે. આ શિલ્પ સ્થાપત્યોની રચના એવી ભવ્ય હતી કે જેનો જગતભરમાં ક્યાંય જોટો મળતો નથી. સોલંકી સમયમાં રચાયેલા અનેક પ્રાસાદો, મહાલયો, જીનાલયો, વિદ્યામઠો, રુદ્રમંદિરો અને મસ્જિદોનું આજે તો નામોનિશાન રહ્યું નથી. કાળની કંદરામાં વિલીન થતાં જે કંઈ સ્થાપત્યો અવશેષરૂપે જળવાય છે તેમાંનું એક એટલે **‘સહસ્ત્રલિંગ સરોવર.’**

પાટણમાં સૈકાઓથી નામશેષ થઈ ગયેલું અને પુરાતત્વવિદોએ ઉત્ખનન દ્વારા શોધી કાઢેલું મહાસરોવર આજે સહસ્ત્રલિંગ સરોવરના નામે સુપ્રસિદ્ધ છે. પુરાણા સંસ્કૃત ગ્રંથોમાં તેને ‘સિદ્ધસાગર’, ‘દુર્લભસરરાજ’, ‘મહાસાગર’, ‘અમૃતસાગર’, ‘સિદ્ધરાજસર’, ‘સિદ્ધસર’ ઈત્યાદિ નામે આપેલા છે. આ સરોવરના કાંઠે એક હજાર શિવમંદિરો આવેલા હતા એટલે એ સહસ્ત્રલિંગ સરોવરના નામથી જાણીતું બન્યું હશે એમ વિદ્વાનો માને છે. ‘પુરાતત્વવિદોના કથન અનુસાર આ જગ્યાએ પહેલા દુર્લભસર રાજ’ નામનું સરોવર હતું જે સોલંકી વંશના ચોથા રાજવી દુર્લભરાજે બંધાવ્યું હશે.’ જે અતિશય જીર્ણ થઈ જવાથી અને બિનઉપયોગી બની જવાને કારણે જૂના સરોવરને નવા સરોવરમાં સમાવીને સિદ્ધરાજે વિશાળ સરોવર બનાવ્યું હશે ! તેનું રાજ્યમાન્ય નામ ‘દુર્લભસરરાજ’ રાખ્યું હશે પરંતુ જનસમાજ જેમ વડોદરાના સયાજી સરોવરને ‘આજવા’ સરોવરથી, અમદાવાદના ‘હૌઝે કુતુબ’ને ‘કાંકરિયા’ના નામથી ઓળખે છે દુર્લભસરરાજને આજે સહસ્ત્રલિંગ સરોવરના નામે ઓળખે છે.

પાટણના પાદરમાં થઈને વહેતી સરસ્વતી નદીના કિનારા પર આ સરોવર બાંધવામાં આવ્યું હતું. રાજધાનીનું તળાવ હોવાને કારણે અણહિલવાડ પાટણમાં રહેતા ઘણા સાહિત્યકારોએ એની નોંધ લીધી છે. આવી નોંધમાં સર્વપ્રથમ ઉલ્લેખ દ્વાયાશ્રય કાવ્યના કર્તા જૈન આચાર્ય હેમચંદ્રાચાર્યનો છે. ડૉ. રમણલાલ ના. મહેતા લખે છે કે, ‘પ્રબંધ ચિંતામણિ’ના લેખક મેરુતુંગના જણાવ્યા પ્રમાણે સિદ્ધરાજના દરબારી કવિ શ્રીપાલે સહસ્ત્રલિંગની પ્રશસ્તિ લખી હતી. સોમેશ્વરે ‘કીર્તિકૌમુદી’માં આ સરોવરનો ઉલ્લેખ કર્યો છે. આ તળાવનો બાલચંદ્રસૂરિએ વસંતવિલાસ કાવ્યમાં ‘વલય’ તરીકે ઉલ્લેખ કર્યો છે. ‘સમરરાસુ’માં તેને પૃથ્વીનું કુંડળ કહ્યું છે. ‘પ્રબંધ ચિંતામણિ’ની રાજશેખરની ટીકામાં તેને જયમંગલસૂરિના આધારે વીણાના તુંબડાની ઉપમાં આપી છે. ‘સરસ્વતીપુરાણ’માં સહસ્ત્રલિંગ સરોવરનું સુરેખ ચિત્ર સાચવ્યું છે, એમ ત્યાંના પુરાવાઓ પરથી જણાય છે. સહસ્ત્રલિંગ તળાવ ઉપર આચાર્ય વલ્લભાચાર્યજી પધાર્યા હતા ત્યારે તળાવ સારી હાલતમાં હોવાનું જણાય છે. સહસ્ત્રલિંગ તળાવની સારી સ્થિતિ ૩૧ જાન્યુઆરી ૧૫૬૧ સુધી હોવાનો પુરાવો ‘આઈ-ને-અકબરી’ એ સાચવ્યો છે.



કર્નલ ટોડે સહસ્ત્રલિંગ સરોવરની નોંધ લીધી છે. જેમ્સ બર્જેસે તેની કેટલીક વિગતો નોંધી છે. સહસ્ત્રલિંગ સરોવરની ઐતિહાસિક વિગતો મેળવવા માટે અગાઉ કનૈયાલાલ દવે, કનૈયાલાલ મુનશી, રામલાલા સુ. મોદી, હીરાનંદ શાસ્ત્રી, અનંત ગદે, ડો. રમણલાલ મહેતા, ડૉ. કાંતિલાલ ત્રિપાઠી, શ્રી મુકુંદભાઈ બ્રહ્મક્ષત્રિય ઉપરાંત અનેક સંશોધકો અને ઈતિહાસવિદોએ પ્રયત્ન કર્યો છે. શ્રી રામલાલ મોદીએ તળાવમાંથી મળેલા અવશેષોનું અર્થઘટન આપવા એક નકશો આલેખ્યો છે. ડૉ. હીરાનંદ શાસ્ત્રીએ કેટલાક વર્ણનો આપ્યા છે.

સને ૧૯૪૮ - ૪૯માં વડોદરા રાજ્યના પુરાતન સંશોધન ખાતા તરફથી સહસ્ત્રલિંગ સરોવર પર ઉત્ખનન થયેલું તેનો સંપૂર્ણ અહેવાલ બહાર પડ્યો નથી પણ એમાંથી પ્રાપ્ત થયેલા અવશેષોના આધારે એ સમયના ડાયરેક્ટર શ્રી એ. એસ. ગદ્દે લખે છે, ‘આપણને ખબર છે કે આ વિશાળ જળાશયના બાંધકામ સાથે સિદ્ધરાજનું નામ સંકળાયેલું છે, પરંતુ પરંપરાગત પ્રમાણે આ તળાવ સિદ્ધરાજ પહેલા નહેર સાથેનું સરોવર દુર્લભરાજે બંધાવ્યું હતું તે જીર્ણ થઈ જતાં તેના જીર્ણોદ્ધાર કરવાને કારણે એને બાંધવાનો યશ સિદ્ધરાજને મળ્યો. સરસ્વતી પુરાણકાર લખે છે કે, એક વખત સિદ્ધરાજ રાત્રે સૂઈ રહ્યો હતો ત્યારે તેને પોતાનું નગર સરોવર સુક્કુંભટ્ઠ હતું તે સાંભરી આવ્યું. આ સરોવર નગરની નજદિકમાં ઉત્તર દિશાએ આવ્યું હતું. સવારે ઊઠતાની સાથે આ સરોવર જળથી ભર્યું ભર્યું કેમ બનાવી શકાય તેનો વિચાર કરવા લાગ્યો.

આમ, આ રીતે દુર્લભરાજસર તળાવનું પુનનિર્માણ કાર્ય સિદ્ધરાજે ક્યારે શરૂ કરેલું તે અંગે ‘દ્વાયશ્રયકાર’ વિજય મેળવ્યા



બાદ તેનું મુહૂર્ત કર્યાનું સૂચન કરે છે. જ્યારે સરસ્વતી પુરાણકાર અવંતી વગેરેની જીત જણાવ્યા પછી જ સ્થાપત્ય વિધાન રજૂ કરે છે. જ્યારે પ્રબંધ ચિંતામણિ સહસ્ત્રલિંગનું કાર્ય શરૂ કરી માલવ યુદ્ધનું વિજય પ્રસ્થાપન કર્યું હતું એમ જણાવે છે. પરંતુ કોઈ ગ્રંથકારે તેના આરંભનો અને પૂર્ણ ક્યારે થયું તે અંગે સવંત્સર, માસ તિથિ કે ચોઘડિયા દર્શાવેલ નથી.

ડૉ. કાંતિલાલ ત્રિપાઠીના મત અનુસાર જોઈએ તોઃ સંવત ૧૧૯૨ અષાઢ સુદી આઠમના રોજ શુભ મંગલ દિવસે સારા મુહુર્તે સૌ પ્રથમ સરસ્વતીનું જળ વિથિકા દ્વારા સહસ્ત્રલિંગ સરોવરમાંથી લાવી એ દિવસથી લોકહિતાર્થે પૌરાજનો માટે ખુલ્લુ મુકવામાં આવ્યું તેમ હું માનું છુ, એટલે કે સરોવરનો શુભારંભ ખાતમુહૂર્ત સંવત ૧૧૯૨ના મહા મહિનામાં થયેલું અને તે જ વર્ષના જેઠ માસના અંત સુધીમાં પરિપૂર્ણ કરવામાં આવેલું. ટૂંકમાં એટલું જ કે યુદ્ધના એ ચાર - છ માસના ગાળામાં સરોવર તૈયાર થઈ ગયું હતું એવું અનુમાની શકાય.

સરોવર આટલા ટૂંકા ગાળામાં કેવી રીતે તૈયાર થયું હશે તે અંગે વિચારતા એવું જણાય છે કે, દુર્લભસેનના સમયમાં નદી અને નહેરની સાથે સંકળાયેલું સરોવર તો તૈયાર તો હતું જ એટલે એને નવેસરથી ગળાવવાનો ખર્ચો બચી ગયો હશે. વાસ્તુવિધાન પછી એ સરોવરના કાંઠે દેવાલયો, સંથાગારો અને અન્ય મંદિરો ઉભા કરવામાં આવ્યા હશે! ખાતમૂહુર્તનો દિવસ નક્કી કરતા પહેલાં સિદ્ધરાજે તેના કુશળ એન્જિનિયરો દ્વારા સરોવર ઉપરનું આયોજન પરિપૂર્ણ નકશામાં તૈયાર કરાવી તમામ સાધન સામગ્રી એકત્ર કરાવી રાખી હશે! જેથી હજારોની સંખ્યામાં મજૂરો અને શિલ્પીઓને કામે લગાડી ઝડપથી સરોવર તૈયાર કરાવી દીધું હશે. સિદ્ધરાજની કાર્યકુશળતા સાથે અનેક કિવંદતીઓ પણ જોડાયેલી લોકમુખે સાંભળવા મળે છે. એવું કહેવાય છે કે સિદ્ધરાજે બર્બરક જાતિના બાબરા ભૂતને સાધ્યો હતો. બાબરા ભૂતે પોતાના સૈન્યને રાતદિવસ કામે લગાડી એક રાતમાં સરોવર ઊભું કર્યાની લોકોક્તિ જાણીતી છે. એનું કારણ એ હોઈ શકે કે આવું મોટું કામ ખૂબ જ ઝડપથી પરિપૂર્ણ થઈ જાય ત્યારે અજાયબ લાગતી આવી વાતો એની સાથે વણાઈ જતી હોવી જોઈએ.

આ સહસ્ત્રલિંગ સરોવરને કાંઠે સિદ્ધરાજે માળવાના વિજયની યાદગીરી સાચવવા માટે વિજયસ્મારકનો ભવ્ય 'કીર્તિસ્તભ' બનાવરાવ્યો હતો. આ સ્થંભ ઘણો ઉંચો અને કલાપૂર્ણ બાંધકામવાળો હતો. આ સ્થંભ ઉપર સિદ્ધરાજનું ચરિત્ર વર્ણન તેની યશોગાથા અને પ્રશસ્તિ કંડારવામાં આવી હતી.

આ કીર્તિ સ્થંભ ઉપર સહસ્ત્રલિંગ સરોવરની યશગાથા કંડારવામાં આવી હતી. એવી અનેક ઐતિહાસિક ગ્રંથોની નોંધો બોલે છે. કવિ શ્રીપાલે એની પ્રશસ્તિ પણ લખેલી છે. કવિવાર શ્રીપાલ સિદ્ધરાજની સભાનો મહાપંડિત હતો એની અદ્‌ભુત કવિત્વ શક્તિ જોઈને સિદ્ધરાજે એને 'કવિ ચક્રવર્તી પદ' આપેલું, એણે સહસ્ત્રલિંગની સાથે રુદ્રમાળની પ્રશસ્તિ લખી છે.

કાળની કંદરામાં સરોવર લુપ્ત થઈ ગયું એમ આ પ્રશક્તિ આલેખવાળા કીર્તિસ્તંભે પણ ધરતીના પેટાળમાં સમાધિ લઈ લીધી છે. સદ્‌ભાગ્યે પાટણના વીજળ કુવાના (વિસ્તારનું નામ) નાનકડા કાશીવિશ્વનાથ મંદિરમાં આ કીર્તિસ્થંભની પ્રશસ્તિનો સંગેમરમરનો પથ્થરનો ૨૬ ઈંચ લંબાઈ અને ૧૩ ઈંચ પહોળાઈનો એક ટુકડો મળી આવ્યો છે શ્રી સોમેશ્વરદત્તના 'કીર્તિકૌમુદી' કાવ્યસર્ગ ૧માં ૪૮થી ૮૧માં શ્લોકમાં પાટણનું હૃદયંગમ ચિત્ર આલેખ્યું છે. તેમાં શ્લોક ૭૫માં કીર્તિસ્થંભનું વર્ણન કરતાં લખે છે 'આકાશગંગામાંથી પડતા ચાંદીના પ્રવાહ જેવી કીર્તિસ્થંભ તળાવના તટે શોભી રહ્યો છે.'

સહસ્ત્રલિંગ સરોવરને 'મહાસર'ની ઉપમાં આપી હોવા છતાં તેનો વિસ્તાર કેટલો હશે તે દટાઈ જવાને કારણે જાણી શકાતું નથી. 'અપરાજિત પૃચ્છા' જેવા વાસ્તુગ્રંથ પરથી સમજાય છે કે તળાવની પાળની પ્રદક્ષિણા આશરે ત્રણ કિ.મી. જેટલી હશે તેનો વ્યાસ આશરે ૧ કિ.મી. હશે. ડૉ. હિરાનંદ શાસ્ત્રીએ ઉત્ખનન દ્વારા સરસ્વતી નદીમાંથી પાણી લેવાની પરનાળ શોધી કાઢી છે તે ૯૫ મિટર લાંબી અને પાંચ મિટર પહોળી છે. તેના દક્ષિણ છેડે કૂવો છે. કૂવાની પૂર્વમાં ૧૪૫ મિટર લાંબી પરનાળ છે તેના છેડે ત્રણ ગરનાળા છે.

સહસ્ત્રલિંગ સરોવર પ્રજાના કલ્યાણ માટે સિદ્ધરાજે બનાવરાવ્યું હતું. અણહિલપુર પાટણના પ્રજાજનોને સ્નાન, પાન, અવગાહન અને આનંદપ્રમોદના એક મહાસ્થાન તરીકે બંધાવ્યું હોવા છતાં તેના કિનારા પર સેંકડો દેવમંદિરો તેમજ તીર્થોની સ્થાપના દ્વારા તેને ભારતના એક શ્રેષ્ઠ તીર્થ તરીકે અવતારવાનો ગૂઢ આશય પણ હતો.

સરસ્વતીપુરાણ એ સહસ્ત્રલિંગે સરોવરનો ઈતિહાસ રજૂ કરતો પ્રમાણભૂત ગ્રંથ ગણાય છે તે સિદ્ધરાજના રાજ્યકાળે રચાયો હોવાનું અનુમાન કરવમાં આવ્યું છે. તેનો ૧૫મો અને ૧૬મો સર્ગ સિદ્ધરાજના ચરિત્ર સાથે સહસ્ત્રલિંગ સરોવરની





ઉત્પત્તિથી આરંભી સરસ્વતીનો પ્રવાહ આ સરોવરમાંથી નીકળી પાટણ નજદીકના મહાવનમાં થઈ આગળ જતો હતો ત્યાં સુધીનું વિગતવાર વર્ણન મળે છે. આમાં તીર્થો અને મંદિરોના માહાત્મ્યો વિશદ રીતે તેના પૂર્વ ઈતિહાસની સાથે આપેલા છે. એના પરિશિષ્ટમાં ફક્ત સહસ્ત્રલિંગ સરોવર સાથે નિકટતમ સહચાર સાધતા સ્થાનોનું મહાત્મ્ય વર્ણવ્યું છે.

સિદ્ધરાજ સરસ્વતી નદીને સહસ્ત્રલિંગ સરોવરમાં લાવ્યા ત્યારે તેનો વેગ પ્રચંડ હતો. આથી સિદ્ધરાજને ચિંતા થવા માંડી, એટલે એણે આર્તિહર (દુઃખનાશક) ભગવાન શંકરનું યોગ વડે ધ્યાન ધર્યુ. ભક્તિ વડે એમનું શરણ સ્વીકાર્યું. આથી પ્રસન્ન થયેલા શિવે અને દેવતાઓએ સરસ્વતીને સ્વસ્થ કરવા ત્યાં એક કૂપ બનાવ્યો. સરસ્વતીએ સ્વસ્થ થઈ પવિત્ર જળવાળા પોતાના પુનિત પ્રવાહથી કુપને ભરી દીધો. અહીં નિવાસ કરવાની ઈચ્છાથી રુદ્ર શુભવચન બોલ્યાં.

હે દેવો ! મેં આ કૂપ (કુંડ) સરસ્તીના વેગને સ્વસ્થ થવા બનાવ્યો છે તે રુદ્રકૂપ નામથી જગતમાં પ્રસિદ્ધ થશે. સ્વર્ગ, પૃથ્વી અને અંતરિક્ષમાં જે જે તીર્થો છે તે આ રુદ્રકૂપમાં નિત્ય નિવાસ કરશે.

સરસ્વતી નદીના જળથી પવિત્ર બનેલા રુદ્રકૂપ માટે કહેવાય છે રૂદ્રે - શિવે ગંગા સાથે અહીં નિવાસ કર્યો છે. જેઓ અહીં સ્નાન કરી દેવ-પિતૃઓને તૃપ્ત કરવા તર્પણ કરે છે તેના પિતૃઓ તૃપ્ત બની રુદ્રલોકમાં જઈને ઉત્તમ ગતિને પામે છે. રુદ્રકૂપમાં જે મનુષ્ય શ્રદ્ધાપૂર્વક શ્રદ્ધા કરે છે તે એકોતેરશત પિતૃ લોકોને રુદ્રલોકમાં લઈ જાય છે.

આ રુદ્રકૂપમાંથી સરસ્વતીનો પ્રવાહ મજબૂત પત્થરોથી બાંધેલી ૪૫૦ ફૂટ લાંબી નહેર દ્વારા સહસ્ત્રલિંગ સરોવરમાં જાય છે. શાસ્ત્રકારો પશ્ચિમથી પૂર્વમાં જતાં નદીઓના પ્રવાહને પ્રાચી તરીકે ઓળખાવે છે. એના માટે કહેવાય છે કે નિયમપૂર્વક સ્નાન કરી જે માણસ શાસ્ત્રના જાણકાર પવિત્ર બ્રાહ્મણને ગાયનું દાન આપે છે તે અક્ષય લોકને પામે છે.

સરસ્વતીપુરાણના સર્ગ ૧૬માં જણાવ્યા અનુસાર રુદ્રકૂપમાંથી નહેર દ્વારા સરસ્વતી નદીનો પ્રવાહ ત્રણ ગરનાળામાં થઈને સિદ્ધસર-સહસ્ત્રલિંગમાં પડે છે. આ ત્રણે ગરનાળાના ત્રણે પ્રવાહોને પુરાણકારે ગંગા, યમુના અને સરસ્વતીના પ્રવાહો તરીકે સૂચવી ત્યાં ત્રિવેણી તીર્થની કલ્પના કરી છે. આ સંગમને પ્રયાગની ત્રિવેણીની જેમ ઉપમાં આપી સ્નાનદાન કરવાનો અનુરોધ કરતા જણાવ્યું છે કે ધર્મશીલ અને જિતક્રોધી માણસો લોકવિશ્રુત આ સંગમ તીર્થમાં સ્નાન કરે તેને રાજસૂય અને અશ્વમેઘાદિક યજ્ઞોનું ફળ પ્રાપ્ત થાય છે. જે મનુષ્યો પાપનું પ્રક્ષાલન કરવા માટે સહસ્ત્રલિંગ સરોવરના જળમાં સ્નાન કરે છે તે સુખપૂર્વક અગ્નિષ્ટોમના ફળને પ્રાપ્ત કરે છે.

સિદ્ધરાજે સહસ્ત્ર શિવલિંગો સરોવરની અંદર મંદિરો બંધાવી સ્થાપ્યા હતાં. તેથી સહસ્ત્રલિંગ સરોવરનું નામ ચરિતાર્થ બન્યું. આ શિવલિંગો સિદ્ધરાજ ક્યાંથી લાવ્યા, કેવી રીતે સ્થાપ્યા અને તે દિવ્ય બાણવિંગોના કારણે સુપ્રસિદ્ધ બનેલ શિવલિંગોનું ટૂંકું માહાત્મ્ય તેની ઉત્પત્તિની કથા સાથે અહીં આપ્યું છે. સિદ્ધરાજે અમરકંટક પાસે નર્મદાના જળમાં સ્નાન કરી ઓંકારેશ્વરને પ્રસન્ન કર્યા હતા. તેમનું ભક્તિયુક્ત ઉત્તમ કાર્ય જોઈને કાર્યસિદ્ધ માટે વરદાન આપતા, ભગવાન શિવે કહ્યુ કે 'જ્યારે તું આ તારા સરોવર ઉપર સહસ્ત્રશિવલિંગનું સ્થાપન કરીશ ત્યારે હું તારી ભક્તિથી પ્રસન્ન બની ત્યાં નિત્ય નિવાસ કરીશ.'

બાણાસુરે જે બાણલિંગો નર્મદા નદીના જળમાં પધરાવ્યા હતા તેમાંથી સહસ્ત્ર બાણલિંગો સિદ્ધરાજ લાવેલો, એને માટે કહેવાયું છે કે એક બાણલિંગની સ્થાપનાથી જે ફળ મળે છે તે સો વર્ષ પણ પૂરું ગણાવી શકાય તેમ નથી હોતું તો સિદ્ધરાજે ભક્તિપૂર્વક હજાર શિવલિંગોની સ્થાપના કરી તેનું પુણ્ય કેટલું થાય તે અમે જાણતા નથી. જે ગામમાં, વનમાં, જંગલ - ઝાડિયુમાં જળમાં કે સ્થળમાં જ્યાં જ્યાં શિવલિંગો છે, ત્યાં ત્યાં સર્વ તીર્થો નિવાસ કરે છે એમ સરસ્વતીપુરાણ કહે છે.

આ રીતે જોઈએ તો સરસ્વતીપુરાણ સહસ્ત્રલિંગ સરોવરના વિશદ્ વર્ણન માટે જ રચાયું હશે. પુરાણોનો રચનાકાળ નિશ્ચિત હોતો નથી, કારણ પુરાણોના સર્જકો તેને અતિ પ્રાચીન મનાવવા સર્જન સમય જણાવતા હોતા નથી. આથી આ પુરાણ ક્યારે રચાયું હશે તેનો નિશ્ચયપૂર્વક રચનાકાળ આપી શકાય તેમ નથી. આ પુરાણ સહસ્ત્રલિંગ સરોવર બંધાવ્યા પછી તરત જ સિદ્ધરાજના અંતિમ રાજ્યકાળે રચાયું હશે અને સિદ્ધરાજને પુરાણો ને શાસ્ત્રોની કથાવાર્તા સદાકાળ કહેનાર કેશવ નામના પંડિતે રચ્યું હશે.

# પાટણની પ્રભુતાના પથસારથિ પનોતા પુત્ર
# શ્રી સૂરિમંત્ર સાધક - આરાધક પ.પૂ. આ.ભ. શ્રી મેઘદર્શનસૂરિજી મ.સા.
# સાધનાનુમોદના



## પ.પૂ. આ.ભ. શ્રી મેઘદર્શન સૂરિજી મ.સા.

**પંચ પીઠિકા નિર્વિઘ્ને સાધી વરસો અનરાધાર,**
**સ્વીકારજો સૂરિમંત્રના વધામણા અપરંપાર;**
**મેઘમલ્હાર બની સંસારે વરસાવો અમિધાર,**
**પનોતાપુત્ર પાટણના કરો અમારો ભવ પાર !**

પરમ કૃપાળુ પરમાત્માની અસીમ કૃપા, પૂજ્ય પાદ શાશન પ્રભાવક પં. પ્ર શ્રી ચંદ્રશેખર વિ.મ. સાહેબની દિવ્યકૃપા તથા સુવિશાલ ગચ્છાધિપતિ આ.ભ. શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા.ની અનુજ્ઞાથી પ.પૂ. આ.દે.શ્રી મેઘદર્શનસૂરિજી મ.સા. આત્મશુદ્ધિ, તથા શાસન સેવા તથા શાસન રક્ષાનું વિશેષ બળ પ્રાપ્ત કરવા પાંચ પ્રસ્થાનની વિકટ આરાધના સંપૂર્ણ મૌન અને સંપૂર્ણ એકાંતવાસ પૂર્વક સનરાઈઝ વેનેશીયા, ગીરગામ, મુંબઈ મધ્યે કરી રહ્યા છે. મુંબઈ મધ્યે પાંચ પીઠિકાની સળંગ આરાધના - સાધના કદાચ સૌ પ્રથમવાર થઈ રહી છે.

શાસ્ત્રમાં આચાર્યપદની ગુણગરિમાં જાળવતા જણાવવામાં આવ્યું છે, કે દેવાધિદેવ તીર્થંકર પ્રભુની ગેરહાજરીમાં જૈન શાશનના આચાર્ય ભગવંતોને તીર્થંકર સમાન બિરદાવ્યા છે. શાસનધૂરાને સબળ રીતે આગળ વધારવાની અતિ કપરી જવાબદારી સૂરિ ભગવંતો ખંતપૂર્વક વહન કરી શકે તે આશયે તેઓ નિત્ય સૂરિમંત્રની અવિરત સાધના કરતા હોય છે. આ અણમોલ મંત્રને પ્રભાવે જ આચાર્ય ભગવંતોને શાસનસેવા અને શાસનરક્ષાનું સવિશેષ બળ પ્રાપ્ત થાય છે, જેને સાધવા પંચપીઠિકાની સાધના અને આરાધના અતિ આવશ્યક અને જરૂરી છે.

પરમ પૂજ્ય આ.ભ.શ્રી મેઘદર્શન સૂરિજીએ પ્રથમ પીઠિકાની સાધના ચોવીશમાં તીર્થંકર શ્રી મહાવીરસ્વામી ભગવંતના દીક્ષા કલ્યાણક કારતક વદ ૧૦ ને તા. ૬-૧૨-૨૦૧૫થી તા. ૨૬-૧૨-૨૦૧૫ સુધી ૨૧ દિવસમાં સરસ્વતી દેવીની આરાધના કરી જેના થકી સમ્યક્‌જ્ઞાન દ્વારા માત્ર પોતાનું જ નહીં પૃથ્વીના અન્ય જીવોનું પણ કલ્યાણ કરે છે.

પૂજ્ય ગુરુદેવે દ્વિતિય પીઠિકાની સાધના તા. ૨૭-૧૨-૨૦૧૫થી તા. ૮-૧-૨૦૧૬ સુધી શારીરિક શક્તિ તથા માનસિક દ્યુતિની વૃદ્ધિને કારણે ૧૩ દિવસની 'ત્રિભુવન સ્વામીની' દેવીની આરાધના કરી જેને સબળ શક્તિની પીઠ ગણવામાં આવે છે.

ત્રીજી પીઠિકામાં ૨૫ દિવસની 'શ્રી' દેવીની સાધના કરવામાં આવે છે, જેમાં પૂ.આ.ભ.શ્રી મેઘદર્શન સૂરિજીએ તા. ૧૧-૧-૨૦૧૬થી તા. ૪-૨-૨૦૧૬ સુધી 'શ્રી' દેવીની સાધના કરી. ઉક્ત સાધનાના પૂણ્યોપાર્જનને પરિણામે શ્રાવક વર્ગ આચાર્ય ભગવંતને ચરણે વિના માંગે કે આદેશે તન, મન, ધન અને જીવન સર્વસ્વ સમર્પિત કરે છે. જેથી પૂજ્ય આચાર્ય ભગવંત શાશનના વિશિષ્ટ કાર્યો ઉલ્લાસ અને ઉમંગભેર કરી શકે.

ચોથી પીઠિકાની ૮ દિવસની શત્રુવૃન્દ નિવારક 'શ્રી યક્ષરાજગણિ પિટક'ની અત્યંત મહત્વની સાધના સૂરિપુંગવો કરે છે. પરમપિતા

પરમેશ્વર ઋષભદેવ ભગવાનના મોક્ષ કલ્યાણક તથા પોતાના આચાર્યપદ - દિવસ પોષ વદ ૧૩ ને તા. ૬-૨-૨૦૧૬ થી તા. ૧૪-૨-૨૦૧૬ સુધી પૂ. ગુરુદેવે સાધના કરી પૂર્ણ કરી છે.

**મહાસુદ ૮, તા. ૧૫-૨-૨૦૧૬ થી પાંચમી પીઠિકાની આરાધના પૂજ્ય ગુરુદેવે આરંભ કરી છે જે પરમાત્મા ચંદ્રપ્રભસ્વામી ભગવાનના કેવળજ્ઞાન કલ્યાણક દિન** મહા વદ ૭ તા. ૧-૩-૨૦૧૬ના રોજ પરીપૂર્ણ થશે. ૧૬ દિવસની આ સાધના અન્વયે અનંતલબ્ધિ ધાવક શ્રી ગૌતમસ્વામીના સદા ચરણો સેવનારા ૬૪ ઈન્દ્રો, ૨૪ યક્ષ, ૨૪ યક્ષિણી, ૧૬ વિદ્યાદેવી, ૯ ગૃહો, ૧૦ દિક્પાલો આચાર્ય ભગવંતને સર્વ રીતે સર્વદા સહાયક બને તે આશયે કરવામાં આવે છે.

આમ પાંચેય પીઠિકાની અદ્વિતિય કપરી અને અનેરી સાધના દ્વારા પૂજ્ય ગુરુદેવ આ.ભ. શ્રી મેઘદર્શનસૂરિજી શાસન સેવાના બળને સતત ઝંખી રહ્યા છે. અસાધારણ અણધારી વિશ્મયજનક અનુભૂતિઓ પ્રત્યેક પીઠિકા દરમ્યાન ગુરુભગવંતને થઈ રહી છે.

પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી મેઘદર્શનસુરિજી અકલ્પનીય સાધના અને આરાધના અતિ ઉલ્લાસપૂર્વક કરી રહ્યા છે. પાંચેય પીઠિકામાં સંપૂર્ણ મૌન સહિત સંપૂર્ણ એકાંતવાસ (શિષ્યોનું કે કોઈનું પણ મોઢું પણ નહીં જોવાનું) સાથે મુંબઈમાં ગીરગામ મધ્યે સૌ પ્રથમવાર થઈ રહી છે. ઉક્ત અદ્ભુત અસાધારણ અનુભૂતિઓનું દિલધડક તાદૃશ વર્ણન તથા પીઠિકાના પ્રભાવને જાણવા તથા સાંભળવા બુધવાર તા. ૨-૩-૨૦૧૬ના રોજ 'સૂરિમંત્ર'ના વધામણા તથા માંગલિક પ્રવચન પ્રસંગે સવારે ૬.૦૦ કલાકે આપ સૌ મહાનુભાવોને પધારવા સપ્રેમ નિમંત્રણ છે.

શેઠ શ્રી નરશી વીજપાલ ચરલા તથા શ્રી સનરાઈઝ વેનેસીયા પરિવાર અત્યંત ઉલ્લાસ પૂર્વક આનંદ સાથે આરાધનામાં જોડાઈ લખલૂટ પૂણ્યાનુબંધી પૂણ્યનું ઊપાર્જન કરી રહ્યા છે.

આપ સૌ મહાનુભવોને હાર્દિક નમ્ર વિનંતી છે કે પૂજ્ય ગુરુદેવ આ.ભ. શ્રી મેઘદર્શન સૂરિજીની સાધના અને આરાધના નિર્વિઘ્ને ઉલ્લાસ અને આત્માના અરૂણોદય સાથે પરિપૂર્ણ થાય તથા શાસનસેવા અને રક્ષા માટે સવિશેષ શક્તિ તેઓ શ્રીને પ્રાપ્ત થાય તેવી હૃદય પૂર્વક ભાવના ભાવીએ.

અત્યારે એ નોંધવું ઘટે કે **ગુરુદેવ દ્વારા 'જ્ઞાન ફોર યુ'નું માસિક** પત્ર પ્રકાશિત થાય છે, **જે ઓનલાઈન www.gyanprasar.org ઉપર વાંચી શકાય છે.** નવજીવન જૈન સંઘના આંગણે અઢારીયા અને ઊપધાન તપની આરાધના પૂજ્ય આચાર્ય ભગવંત મેઘદર્શન સૂરિજીની પ્રેરણાથી સંપન્ન થઈ. જીનશાસનનું ભવ્ય ભાવીનું સર્જન કરનાર બાળ શ્રાવકો તૈયાર કરવા ગુરુદેવશ્રી અથાગ મહેનત કરી રહ્યા છે. પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી મેઘદર્શન સૂરિજી મ.સા.ની પાવન નિશ્રામાં ૧૨ થી ૨૪ વર્ષના કિશોરો અને યુવાનો માટે શ્રી ગોવાલિયા ટેંક જૈન સંઘ આયોજિત સુશ્રાવક નિર્માણ પૌષધ શિબીર તા. ૨૫ થી તા. ૩૧ ડિસેમ્બર દરમ્યાન પરિપૂર્ણ થઈ.

જૈન શાસનના અનેક વિષયોનું તલસ્પર્શી જ્ઞાન, વિશિષ્ટ સુસંસ્કારોનું આધાન, વિવિધ સ્પર્ધાઓ દ્વારા જ્ઞાનનો દરિયો તથા રોજ એકાસણાની ઉત્તમ ભક્તિનું રસપાન કરાવવામાં આવ્યું.

પૂજ્ય ગુરુદેવ શ્રી મેઘદર્શન સૂરિશ્વરજી મ.સા.ની ઐતિહાસિક ૮૭ દિવસની એકધારી વિશિષ્ટ સાધના અને આરાધનાને બિરદાવવા તથા શ્રી સૂરિમંત્રના પાંચે પ્રસ્થાનને હૈયાના ઉમંગથી વધાવવા, તેના ગહન રહસ્યો જાણવા આપ સૌને નેહ નિતર્યું નિમંત્રણ છે.

## મંગલ મહોત્સવ કાર્યક્રમ

| | | | |
|---|---|---|---|
| શનિવાર | તા. ૨૦-૨-૨૦૧૬ | સવારે ૬.૩૦ કલાકે | બાળકોની અષ્ટપ્રકારી પૂજા |
| રવિવાર | તા. ૨૧-૨-૨૦૧૬ | સવારે ૬.૩૦ કલાકે<br>સવારે ૮.૧૫ કલાકે | ભક્તિને સથવારે પ્રભુના દ્વારા<br>સૂરિમંત્રની પંચસ્થાન આર્ટગેલેરી |
| તા. ૨૨-૨-૨૦૧૬ થી ૨૬-૨-૨૦૧૬ | | સવારે ૭.૦૦ થી ૮.૦૦ કલાકે | જુદા જુદા મહાત્માઓના પ્રવચનો |
| શનિવાર | તા. ૨૭-૨-૨૦૧૬ | સવારે ૭.૦૦ થી ૯.૦૦ કલાકે<br>સવારે ૩.૦૦ થી ૪.૩૦ કલાકે<br>સાંજે ૭.૦૦ થી ૮.૩૦ કલાકે | સ્નાત્રપૂજા સમજણ સહિત<br>બહેનો માટે સામાયિક<br>બાળકોની ડ્રોઈંગ સ્પર્ધા બહેનોની ગહુલી સ્પર્ધા |
| રવિવાર | તા. ૨૮-૨-૨૦૧૬ | સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે | 'નમો સુરિરાજ' મહાત્માઓના પ્રવચન |
| સોમવાર | તા. ૨૯-૨-૨૦૧૬ | રાત્રે ૮.૦૦ કલાકે | નાટિકા 'હાકલ પડી છે જિન શાસનની'<br>સમકિત ગ્રુપ ભજવવાનું છે. |
| બુધવાર | તા. ૨-૩-૨૦૧૬ | સવારે ૬.૦૦ કલાકે | સૂરિમંત્રના વધામણા |

**પ્રસંગ બાદ સાધર્મિક ભક્તિનો લાભ આપશોજી**

**મહોત્સવ સ્થળ :-** સનરાઈઝ વેનેસીયા ૧૬૮, જગન્નાથ શંકર શેઠ રોડ, આંબેવાડી પોસ્ટ ઓફિસ, મુંબઈ - ૪૦૦૦૦૪.

## ક્રિકેટ ટુર્નામેન્ટ - ૨૦૧૬

શ્રી પાટણ જૈન મંડળ સ્પોર્ટસ સમિતિ દ્વારા સને ૨૦૧૬ની ક્રિકેટ ટુર્નામેન્ટનું તા. ૧૯-૧-૨૦૧૬ થી ૧૧-૨-૨૦૧૬ દરમ્યાન આયોજન કરવામાં આવેલ છે, તેનો પ્રથમ રાઉન્ડથી સેમી ફાઈનલ પર્યંતની મેચો ખૂબ જ ઉત્સાહભર્યા વાતાવરણમાં પૂર્ણ થયેલ જેમાં વિજેતા રહેલ ટીમો અને મેન ઓફ ધી મેચના વિજેતાના નામો અત્રે પ્રકાશીત કરવામાં આવે છે.

(૧) એસ. કે. પરિવાર બોરીવલી ટીમ **વિરુદ્ધ** કે. સેવંતીલાલ એન્ડ કું. મરીન ડ્રાઈવ ટીમ, વિજેતા ટીમ મરીન ડ્રાઈવ, મેન ઓફ ધી મેચ - **શ્રી ભાવીકભાઈ શાહ**

(૨) બ્રાઈટ સીસ્ટમ ગોરેગામ(A) ટીમ **વિરુદ્ધ** પ્રીસીઝન બેરીંગ્સ પ્રા.લિ.અંધેરી-વિલેપાર્લા ટીમ, વિજેતા ટીમ અંધેરી-વિલેપાર્લા, મેન ઓફ ધી મેચ - **શ્રી સાહીલભાઈ શાહ**

(૩) સ્મીથ - પ્રાથનાસમાજ-વાલકેશ્વર ટીમ **વિરુદ્ધ** પી. રોહીતકુમાર એન્ડ કું. ગોરેગામ (B) ટીમ, વિજેતા ટીમ પ્રાથનાસમાજ-વાલકેશ્વર ટીમ, મેન ઓફ ધી મેચ - **શ્રી પ્રણવભાઈ શાહ**

(૪) એસ. કે. પરિવાર બોરીવલી ટીમ **વિરુદ્ધ** પ્રીસીઝન બેરીંગ્સ પ્રા.લિ.અંધેરી-વિલેપાર્લા ટીમ વિજેતા ટીમ અંધેરી-વિલેપાર્લા, મેન ઓફ ધી મેચ - **શ્રી દેવેનભાઈ શાહ**

(૫) એસ. કે. પરિવાર બોરીવલી ટીમ **વિરુદ્ધ** પી. રોહીતકુમાર એન્ડ કું. ગોરેગામ (B) ટીમ, વિજેતા ટીમ બોરીવલી, મેન ઓફ ધી મેચ - **શ્રી વિલેશભાઈ સાલવી**

(૬) સ્મીથ - પ્રાથનાસમાજ-વાલકેશ્વર ટીમ **વિરુદ્ધ** પ્રીસીઝન બેરીંગ્સ પ્રા.લિ.અંધેરી-વિલેપાર્લા ટીમ, વિજેતા ટીમ પ્રાર્થનાસમાજ-વાલકેશ્વર, મેન ઓફ ધી મેચ - **શ્રી વિવેકભાઈ શાહ**

(૭) પી. રોહીતકુમાર એન્ડ કું. ગોરેગામ (B) ટીમ **વિરુદ્ધ** કે. સેવંતીલાલ એન્ડ કું. મરીન ડ્રાઈવ ટીમ, વિજેતા ટીમ મરીન ડ્રાઈવ, મેન ઓફ ધી મેચ - **શ્રી કવીશભાઈ શાહ**

(૮) પ્રીસીઝન બેરીંગ્સ પ્રા.લિ.અંધેરી-વિલેપાર્લા ટીમ **વિરુદ્ધ** પી. રોહીતકુમાર એન્ડ કું. ગોરેગામ (B) ટીમ, વિજેતા ટીમ અંધેરી-વિલેપાર્લા, મેન ઓફ ધી મેચ - **શ્રી મીતેષભાઈ શાહ**

(૯) બ્રાઈટ સીસ્ટમ ગોરેગામ(A) ટીમ **વિરુદ્ધ** સ્મીથ - પ્રાથનાસમાજ-વાલકેશ્વર ટીમ, વિજેતા ટીમ ગોરેગામ(A), મેન ઓફ ધી મેચ - **શ્રી જીગરભાઈ શાહ**

(૧૦) બ્રાઈટ સીસ્ટમ ગોરેગામ(A) ટીમ **વિરુદ્ધ** પી. રોહીતકુમાર એન્ડ કું. ગોરેગામ (B) ટીમ, વિજેતા ટીમ ગોરેગામ(A), મેન ઓફ ધી મેચ - **શ્રી જીગરભાઈ શાહ**

(૧૧) સ્મીથ - પ્રાથનાસમાજ-વાલકેશ્વર ટીમ **વિરુદ્ધ** કે. સેવંતીલાલ એન્ડ કું. મરીન ડ્રાઈવ ટીમ, વિજેતા ટીમ મરીન ડ્રાઈવ, મેન ઓફ ધી મેચ - **શ્રી ભાવીકભાઈ શાહ**

(૧૨) બ્રાઈટ સીસ્ટમ ગોરેગામ(A) ટીમ **વિરુદ્ધ** એસ. કે. પરિવાર બોરીવલી ટીમ , વિજેતા ટીમ બોરીવલી, મેન ઓફ ધી મેચ - **શ્રી જીગરભાઈ શાહ**

(૧૩) કે. સેવંતીલાલ એન્ડ કું. મરીન ડ્રાઈવ ટીમ **વિરુદ્ધ** પ્રીસીઝન બેરીંગ્સ પ્રા.લિ.અંધેરી-વિલેપાર્લા ટીમ, વિજેતા ટીમ અંધેરી-વિલેપાર્લા, મેન ઓફ ધી મેચ - **શ્રી કેયુરભાઈ શાહ**

(૧૪) બ્રાઈટ સીસ્ટમ ગોરેગામ(A) ટીમ **વિરુદ્ધ** કે. સેવંતીલાલ એન્ડ કું. મરીન ડ્રાઈવ ટીમ, વિજેતા ટીમ મરીન ડ્રાઈવ, મેન ઓફ ધી મેચ - **શ્રી અંકિતભાઈ શાહ**

(૧૫) સ્મીથ - પ્રાથનાસમાજ-વાલકેશ્વર ટીમ **વિરુદ્ધ** એસ. કે. પરિવાર બોરીવલી ટીમ, વિજેતા ટીમ બોરીવલી, મેન ઓફ ધી મેચ - **શ્રી માનીતભાઈ શાહ**

**ફાઈનલ મેચ ડે એન્ડ નાઈટ, રવિવાર તા. ૨૮-૨-૨૦૧૬**
**મરીન ડ્રાઈવ ટીમ વિરૂદ્ધ અંધેરી-વિલેપાર્લે ટીમ**
**ગોરેગામ સ્પોર્ટસ ક્લબ ખાતે સાંજે ૬.૦૦ થી ૧૦.૦૦.**

❑ **સ્પોર્ટસ સમિતિ**

## પાટણના જીનાલયો માટે આગવી અપીલ

**શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ પાટણના** દરેક જિનાલયના જિર્ણોદ્ધાર માટે આર્થિક સહાય આપવા ઉત્સુક છે. શ્રી પાટણ જૈન મંડળ પાટણના જિનાલયોની જાળવણી માટે પ્રતિબદ્ધ છે. જો આપના મહોલ્લાના જિનાલયમાં એલાર્મ સીસ્ટમ, કેમેરા સીસ્ટમ વિગેરે કોઈક આવશ્યકતા હોય તે માટે પણ તમામ ખર્ચ શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ આપશે.

આપના જિનાલયનું ટ્રસ્ટ રજીસ્ટર્ડ હોય તે જરૂરી છે. છતાં અપવાદરૂપે પાટણનું કોઈ જિનાલય રજીસ્ટર્ડ નહીં હોય તો પણ આપને દેવદ્રવ્યમાં ખૂટતી સહાય આપવામાં આવશે.

## સંસ્થા સમાચાર

❖ **સુરત ખાતેના પાટણ નિવાસીઓનો** તા. ૬-૧૨-૨૦૧૫ના ચૈત્યપરિપાટી ઝઘડિયા તીર્થનો યાત્રાપ્રવાસ યોજાયેલ. પ્રમુખ શ્રી હેમંતભાઈ, ઉપપ્રમુખ શ્રી પ્રણવભાઈ તથા સેક્રેટરી શ્રી યોગેશભાઈ તથા સર્વે કમીટી મેમ્બરના સહકારથી આનંદ અને ઉલ્લાસપૂર્વક યોજાયો તેમાં અંદાજે ૧૩૫ સદસ્યો જોડાયેલ.


**મુંબઈમાં રહેતા પાટણના જૈન ભાઈઓ માટે ખુશ ખબર,**
પંચાસર જૈન દેરાસરની આસપાસ ૪ માળનું મકાન ટૂંક સમયમાં બનવાનું છે, જેમાં 1 BHK, 2 BHKના આધુનિક સગવડવાળા ફ્લેટ બનાવવાના છે. જે ભાઈઓને ફ્લેટ લેવામાં રસ હોય તેમણે નિચેના મોબાઈલ નંબર ઉપર ફોન કરવો.

**મો. 09824153636 / 08488035197**

::સંપર્ક::
શ્રી પ્રકાશભાઈ પનાલાલ શાહઃ ગોળશેરી, કોકાનો પાડો, પાટણ

સગવડ : પાણીનો બોર, જનરેટર, પાર્કીંગ

ADVT

# વિકલાંગ ઉત્કર્ષ અહેવાલ

૩૦ ડિસેમ્બરના દિવસે એટલે ૨૦૧૫નું અંત અને એક દિવસ પછી ૨૦૧૬ના આગમનની તૈયારી, પણ દિશાના બાળકો માટે W.I.A.A Club માં ગેટ ટુ ગેધરનું આયોજન કરવામાં આવ્યું હતું, પણ તે દર વખત કરતાં કંઈક અલગ જ હતું. ત્યાં ન તો કોઈ ગેમ ન હાઉઝી, ન ડાન્સ, પણ હતું તે ઘણું સુંદર હતું. આવેલ બધા માટે શ્રદ્ધા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બનાવેલ ડોક્યુમેન્ટરી ફિલ્મ Behind the glass wall નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ફિલ્મને ઈન્ડિયન અને ઈન્ટરનેશનલ એવોર્ડ મળેલા છે, જેમાં સ્પેશિયલ બાળકોની તકલીફ, તેનું નીવારણ, તેમને કંઈ રીતે સહાયભૂત થવાય તથા તેમના પેરેન્ટ્સની તકલીફ તથા તેમને સમાજ કઈ રીતે મદદરૂપ થાય તેનું અદ્‌ભુત ફિલ્માંકન કરવામાં આવ્યું છે. જેમને આ ફિલ્મ બનાવી છે તેમને મીનીસ્ટ્રી ઓફ વુમેન અને ચાઈલ્ડ ડેવલપમેન્ટ દ્વારા ડીશએબિલિટી અને ડીશવેન્ટેજ કેટેગરીમાં રાષ્ટ્રપતિ શ્રીયુત પ્રણવ મુખરજી દ્વારા એવોર્ડ આપવામાં આવ્યો છે. Dr. Radlike Rhanna હંમેશા આપણા બાળકોના કંઈપણ પ્રોબ્લેમમાં માર્ગદર્શન આપવા તત્પર છે.

આપણા બધા બાળકો વચ્ચે અંકિત અને યુવની બર્થડેનું સેલીબ્રેશન કરવામાં આવ્યું.

દિશાના બાળકો આ મહિનાની તા. ૨૫ થી ૨૮ ફેબ્રુઆરીએ પંચગીની જઈ રહ્યા છે. સુખદ પ્રવાસ માટે પ્રાર્થના !

પાટણ ખાતેના હેમચંદ્રાચાર્ય યુનીવર્સીટી ગ્રાઉન્ડમાં પાટણ જિલ્લા ખાતે સ્પેશિયલ મહા કુંભમેળાનું રાજ્ય કક્ષાએ આયોજન થયું હતું તેમાં કાર્યશાળાના ૧૯ બાળકોએ ભાગ લીધો હતો તેમાથી છ બાળકોને ૧૫,૦૦૦ના પ્રાઈઝ મળેલ હતા.

**સોફ્ટબોલ થ્રો (૧૬-૨૧ વર્ષ)**

| | | |
|---|---|---|
| ભાવેષ પટેલ | પ્રથમ | રૂા. ૩૦૦૦/- |
| અનિકેત પ્રજાપતિ | દ્વિતિય | રૂા. ૨૦૦૦/- |

**સોફ્ટબોલ થ્રો (૨૨ વર્ષથી ઉપર)**

| | | |
|---|---|---|
| કેયુર પટેલ | પ્રથમ | રૂા. ૩૦૦૦/- |
| ઋષભ સફરી | તૃતિય | રૂા.૧૦૦૦/- |

**સોફ્ટ બોલ થ્રો (ગર્લ વિભાગ)**

| | | |
|---|---|---|
| કોમલ શાહ | દ્વિતિય | રૂા. ૨૦૦૦/- |

**ગોળ ફેંક**

| | | |
|---|---|---|
| હેમાલી દવે | તૃતિય | રૂા. ૧૦૦૦/- |

આજ આપણા બાળકો હિંમતનગર ખાતે પણ રમવા જવાના છે. માર્ચમાસ દરમ્યાન આપણા બાળકોએ બેન્ડ વગાડ્યું હતું ત્યારે ત્યાં રહેલા મહેમાન, આયોજકો, અધિકારી વર્ગ અભિભૂત થયું હતું.

આપણા આ બાળકો ભાવના ભણાવવા જાય છે. તથા ભગવાનની રથયાત્રા વખતે પણ ઊંટગાડીમાં બેસીને બેન્ડ વગાડીને રથયાત્રામાંની શોભા વધારે છે આ વખતે કોકાના પાડા અને ખેતરવસીના પાડાની રથયાત્રામાં સામેલ થવાનો મોકો મળ્યો હતો.

❑ વિકલાંગ ઉત્કર્ષ સમિતિ


**અબોલ અને અપંગ જીવોને અભયદાન બક્ષનાર કળિયુગની કર્મયોગી પ્રાણવાન સંસ્થા** Pan No. : AATP2551M

**શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત** આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.)-૩૮૪૨૬૫ • ફોન: (02766)220203

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ: પશુ આશ્રય સંકુલ (ખલીપુર) ફોન: ૦૨૭૬૬-૨૯૨૨૮૧ ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૯૯ (પાટણ)**

સંપર્ક : **શ્રી નિખિલભાઈ આર. શાહ** : C/o પારકો એન્જિનિયરીંગ કોર્પોરેશન, ૪૯૭, એસ.વી.પી. રોડ, રૂપરાજ બિલ્ડીંગ, ઓપેરા હાઉસ, મુંબઈ-૪. ૯૩૨૨૨૨૭૬૪૩

**શ્રી મહેન્દ્રભાઈ કે. શાહ** : પ્રવીણચંદ્ર એન્ડ કું. ૬૦૨, હેરીટેજ પ્લાઝા, તેલીગલી ક્રોસ રોડ, અંધેરી (ઈ), મો. ૯૮૨૧૦૧૨૫૧૮

**શ્રી સંદીપભાઈ આર. શાહ** : રેશ્મો મેક ટુલ્સ સેન્ટર, ૮૪/૮૬ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ - ૩, મો. ૯૮૨૦૦૩૮૨૭૫

- પરિવારમાં જન્મદિનને બનાવો અમારો અભયદિન
- લગ્નોત્સવને બનાવો અમારો જીવનોત્સવ
- સ્વજનના મૃત્યુનો શોક અભયદાનના બળે હળવો બનાવો
- અસહ્ય વેદનામાંથી પશુઓના પ્રાણ ઉગારો
- આપના શ્રીસંઘના જીવદયાની ટીપમાંથી શ્રી પાંજરાપોળને મહદ ફાળો આપવા વિનંતી
- ધાર્મિક મહોત્સવને જીવદયાનો ઉત્સવ બનાવો
- વિકટ સંજોગોમાં આપના આર્થિક સહયોગની અપેક્ષા !
- પશુરોગ સારવાર અને શસ્ત્રક્રિયા કેમ્પ

**લાખ દુ:ખોની એક દવા હૃદયથી કરો ગૌ સેવા**

**તા. ૫-૭-૧૫ના રોજ નાના-મોટા પશુઓની સંખ્યા આશરે ૨૩૨૧**

**જીવદયા માટેની વિવિધ યોજનાઓ**

| | | | |
|---|---|---|---|
| કાયમી શેડ ફંડ | રૂા. ૧૦૧૦૦૦ | આધાર સ્થંભ | રૂા. ૫૧૦૦૦ |
| **લાભાર્થીઓના નામ આરસની તક્તી પર ખલીપુર ખાતે લખવામાં આવશે.** | | | |
| કાયમી નિભાવ ફંડ | રૂા. ૨૧૦૦૦ | લીલા ઘાસની ગાડી | રૂા. ૩૧૦૦૦ |
| વાર્ષિક પશુ દત્તક યોજના | રૂા.૧૧,૦૦૦ | સૂકા ઘાસની ગાડી | રૂા. ૪૧૦૦૦ |
| **લાભાર્થીઓના નામ તિથિના દિવસે પાટણ પાંજરાપોળ તથા ખલીપુર પશુ આશ્રય સંકુલ ખાતે બોર્ડ પર લખવામાં આવશે.** | | | |

• **સૌજન્ય : શ્રી સંદીપભાઈ રમેશચંદ્ર શાહ - મુંબઈ** •

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ ૮૦ જી હેઠળ કરવેરામાં રાહતનેપાત્ર છે

advt

# સંબોધન... સંબંધોનું પ્રતિબિંબ

**સંબોધન એટલે અસ્તિત્વની નોંધ.**
**સંબોધન એટલે સંવાદની શરૂઆત.**
**સંબોધન એટલે સંબંધની સર્જનયાત્રાનું સોપાન.**
**સંબોધન એટલે પ્રેમ પ્રદર્શિત કરનાર પ્રતિક.**

કોઈપણ વ્યક્તિને બોલાવવા વપરાતા સંબોધનોને આપણે સહુ મુખ્યત્વે સાવ સામાન્ય માની લઈએ છીએ, પરંતુ આ સંબોધનો કેટલું બધુ સૂચવી જાય છે, તેની કેટલી ગાઢ અસર હોઈ શકે તે બાબતે ક્યારેય વિચાર્યુ છે ?

ઘરમાં, કાર્યાલયમાં, જાહેર કાર્યક્રમો... ક્યાંય પણ કોઈપણ વાર્તાલાપનો પ્રારંભ 'સંબોધન'થી જ થતો હોય છે. તે વિના કરાતી વાતચીત તે અવિવેકનું પ્રતિક ગણી શકાય. સુંદર - સચોટ - સુયોગ્ય સંબોધન માત્રથી જ વક્તા તેના શ્રોતાઓના હૃદય-આકાશ પર અડધો કબજો જમાવી લે છે.

કોઈપણ કૃતિનું મથાળુ જો આકર્ષક હોય તો જ વાંચનની રૂચિ જન્મે છે. તે જ પ્રમાણે સંબોધનનું સંગીત એટલું સૂરીલું હોય કે શ્રોતાને સ્પર્શી જાય અને તેને સાદશ્રવણની સરગમ સાંભળવાની ઈચ્છા થાય. સાંભળનાર કવચિત 'ભલો'ના હોય છતાં ય એને 'ભલા માણસ' રૂપી સંબોધન સાંભળવું ગમતું હોય છે. 'બેટા' કે 'મોટાભાઈ' આ સંબોધનથી સામેની વ્યક્તિને પણ આપોઆપ તમારું કામ કરવાની હોંશ ઉપજશે.

માત્ર મૌખિક જ નહીં પરંતુ લેખિત પત્રવ્યવહાર આદિમાં પણ સંબોધનનું સ્વરૂપ અતિ મહત્વનો ભાગ ભજવે છે. ઉદા. જો પત્ર કોઈ વડીલ કે ઉપકારીજનને લખવાનો હોય તો 'આદરણીય', 'પૂજ્ય', 'પૂજનીય' જેવા માનસૂચક સંબોધનો કરી શકાય અને જો કોઈ સમવયસ્ક અથવા લઘુવયની વ્યક્તિને સંબોધીને લખવાનો હોય તો 'પ્રિય', 'વહાલી' વિગેરે સંબોધનો કરી શકાય.

તમારા સંબોધન ઉપરથી સામેની વ્યક્તિ સમક્ષ તમારું માપ નીકળે છે... તમારા દ્વારા કરાયેલ સંબોધનના બે શબ્દ ઉપરથી તમારી વિચારસરણી, કેળવણી, સ્વભાવ માપી શકાય છે.

સંબોધનો માત્ર વ્યક્તિગત સંબંધો પૂરતા જ અસરકારક નથી હોતા, ક્યારેક કાર્યાલયમાં મૃદુ સ્વરે ઉચ્ચારાયેલ ''ભાઈ/દોસ્ત, તને ફાવે તો આટલું કામ કરી આપશે ?'' કહો અને પછી જુઓ કે તે વ્યક્તિ કેવું જાન રેડીને કામ કરે છે. આનાથી વિપરીત ઉગ્ર સ્વરે ઉચ્ચારાયેલ ''એય તારે આ કામ કરવાનું છે'' કહેવાય ત્યારે તેનો પ્રતિકાર પણ થઈ શકે. આમાં શરીર કે સંપત્તિથી લેશમાત્ર ઘસાવુ પડતું નથી. માત્ર સંબોધનના સ્વરો જ કામ કરી જાય છે.

અલગ-અલગ લહેકાઓમાં થયેલ સંબોધન થકી ભિન્ન-ભિન્ન ભાવ પ્રદર્શિત થાય છે. પ્રેમ, સ્વાર્થ વિગેરે અવસ્થાઓમાં તમારું સંબોધન તમારા આંતરિક ભાવોનું પ્રતિબિંબ દર્શાવે છે.

સમયની સાથે સંબોધનનું સ્વરૂપ પણ બદલાય છે. જેમ કે પહેલાના સમયમાં સ્ત્રીઓ જાહેર કે અંગત પળોમાં પણ તેમના પતિને 'સાંભળો છો' કહીને સંબોધતી કે પછી 'અંકિતના પપ્પા' કહીને જ સંબોધતી. તેમજ પતિદેવો પણ તેમની પત્નીને ઘરમાં પ્રવેશતા ખોંખારા ખાઈ આગમનની જાણ કરતા અથવા 'તેજલની મમ્મી' કહી સાદ પાડતા.

કેટલાક સંબોધનો કદી બદલતા નથી જેમ કે સંતાનો કેટલા પણ વયસ્ક કેમ ના થાય છતાં માતાપિતા આજીવન વાત્સલ્યથી તેમને 'બબુ' કે 'ઢીંગલી' કહીને જ સંબોધન કરશે.

સંબોધનના ગમા-અણગમાનો આધાર એ બાબત ઉપર પણ રહે છે કે તે કરનાર વ્યક્તિ માટે તેમને કેટલો સ્નેહ છે... જો સામેની વ્યક્તિ પ્રાણપ્રિય હશે તો તેના દ્વારા કરાયેલ 'ગાંડી છોકરી', 'વેવલી' જેવા સંબોધનો પણ નિ:શંક પ્રિય જ લાગશે. જો સંબંધ ખૂબ જ નિકટનો હોય તો નામ ટૂંકાવીને 'આંકાક્ષા' ને બદલે 'અકુ' સંબોધન અરસપરસનો સ્નેહ વધુ ગાઢ બનાવે છે. લાગણીનાં ચઢતા પ્રવાહમાંથી જ તો 'દીકુ', 'બકા', 'સોનુ' વગેરે સંબોધનો સાહજિક જન્મ લેતાં હોય છે. પરસ્પરને પૂર્ણ સમર્પિત હોઈએ ત્યારે 'તું' કહીને સંબોધવાની મજા તો ખરેખર કહેનાર જ માણી શકે... પછી તે 'તું' ભલેને પ્રભુ હોય, જનેતા હોય કે પ્રિયતમ, ... તેમાં વય કે વ્યક્તિત્વ ક્ષુલ્લક બની જાય છે. સંબોધન 'તું' કારે હોય કે માનાર્થે પ્રેમાળ હોય, સાચા હૃદયથી ઉદ્‌ભવેલ હોય ત્યારે આત્મિયતાની અનુભુતિ થાય છે.

''કાન નહીં, મન સાંભળે અને તેને ગમે તે જ સંબોધન!
સ્વને નહીં, સર્વને સાંભળવું ગમે તે જ સંબોધન!''

અંતમાં, સંબોધનના સાથિયા એવા સજાવો કે તેના થકી સંબંધોના સરવાળા સર્જાય, નહીં કે બાદબાકી...! સંબોધનના દર્પણ દ્વારા સંબંધોનું પ્રતિબિંબ નિહાળી શકાય.

શમણાઓમાં થતાં તુજ આગમને લજ્જાથી ઢળતા નયન,
યાદોના વ્યોમમાં વિહરતા ખીલી જાય મુજ વદન,
હાજરી માત્રથી જ્યાં હરખાઈ ઊઠે તન-બદન,
તુજ સંબોધનની સુવાસથી મહેકી રહે સમગ્ર મન...!!

❑ **શ્રી ઊર્વિ નરેન્દ્રભાઈ ઝવેરી**

# પટ્ટણીઓનું ગૌરવ - અભિનંદન

❖ લખિયારવાડાના ડૉ. જનકભાઈ રમણલાલ શાહનો સુપુત્ર **ચિ. ડૉ. જીનમ Diploma in Allergy & Asthma (CMC Vellore)** પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ છે. હાલમાં All India માંથી Fellowship in international Pulmonology & Thoracic Oncology Delhiનાં Interiewમાં, સમગ્ર ભારતની એકમાત્ર સીટ માટે તેમની પસંદગી થવા પામેલ છે, જે સમાજ અને પરિવાર માટે ગૌરવરૂપ છે. ડૉ. જીનમની સિદ્ધિ બદલ અભિનંદન.

❖ ફોફલિયાવાડો - પોળની શેરી - સ્વ. નવીનચંદ્ર ભીખાચંદ શાહના પૌત્ર **પ્રિયેશ યોગેશભાઈ શાહનો** **મહારાષ્ટ્રના કેબિનેટ મિનિસ્ટર ઓફ ફાઈનાન્સ પ્લાનીંગ અને ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટ તરફથી 'વાઘ બચાવો અભિયાન' 'Save Tiger' Compaigneમાં બાઈકર્સ રેલીના રાઈડર બન્યા,** જેની સાથે બીજા ૨૪ રાઈડરો પણ હતા.

**પ્રિયેશના ગ્રુપે મુંબઈથી મધ્યપ્રદેશના 'પન્ચ જંગલ' આશરે ૨૬૦૦ કિ.મી. બાઈક ચલાવી અને 'તાડોબા' જંગલ 'વાઘ બચાવ'નો સંદેશો ૭૦ ગામ અને ૭ શહેરોમાં પહોચાડયો.** પ્રિયેશના આગ્રહથી બધા રાઈડરોએ થોડોક રૂટ બદલી 'અંતરીક્ષજી તીર્થ'ના દર્શન કર્યા. જે ઉલ્લેખનીય અને અનુમોદનીય છે. ગર્વમેન્ટ દ્વારા દ્વારા રાઈડરને ૨ એવોર્ડથી સન્માનિત કરાયા છે અને ૫ ગ્રુપના એવોર્ડ પણ આપ્યા છે.

❖ વાસુપુજ્યની શેરી હાલ નેપીયન સી રોડ શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ ગુંદરવાલાના સુપુત્રી જીજ્ઞા અને કમલ ઓઝાના સુપુત્ર **આહાન** (આઠ વર્ષ) જેણે ૫ મી મહારાષ્ટ્ર કુડો સ્ટેટ ચેમ્પીયનશીપ ૨૦૧૬ની સ્પર્ધામાં **સીલ્વર મેડલ** તથા મુંબઈ મેયર કપ ત્રીજી કુડો ટુર્નામેન્ટ ૨૦૧૬માં ૦-૧૦ વર્ષની કેટેગરીમાં **બ્રોન્ઝ મેડલ** મેળવેલ છે.

**ચિ. આહાન** જમનાબાઈ નરશી સ્કુલ - જુહુ ખાતે અભ્યાસ કરે છે. ભણવાની સાથોસાથ છ વર્ષની વયથી **કરાટે પ્રેક્ટીશ કરી રહ્યા છે, જેમાં અગાઉ બે મેડલો પણ પ્રાપ્ત કરેલ છે. તેમજ મેથેમેટીક સ્પર્ધાઓમાં** પણ ભાગ લઈ સર્વાંગીક વિકાસ સાધી રહેલ છે.

**ચિ. આહાનનીને** ઝળહળતી સફળતા મેળવવા બદલ મંડળ તેને અભિનંદન આપી બિરદાવે છે, તેમજ ભવિષ્યમાં શિક્ષણ તથા રમતગમત ક્ષેત્રે હજુ અનેક સફળતાઓ પ્રાપ્ત કરી પરિવાર તથા સમાજનું નામ રોશન કરે તેવી હાર્દિક શુભેચ્છા.

❖ **Sonali Shah,** the grand daughter of Late Dr. Sevantilal Mohanlal Shah (Andheri, Vakhatjini Seri) and the daughter of Smt. Geeta Hemant Shah of Khetarpalno Pado has been awarded Best of Houzz 2016 by over 35 million users from across the world.

This award in the Design Category recognises Sonali Shah's work & her design amongst one million active design Industry Professionals about Houzz.

Houzz is a leading platform for home renovation & design and has headquators in Palo Alto CA. and has design offices in London. Berlin, Sydney, Moscow & Tokyo.

Visit : www.houzz.com

Follow Sonali Shah on Houzz@http://www.houzz.com/pro/mybeautifulife/_public

**(તા. ૮મી માર્ચે આવતા ''વિશ્વ મહિલા દિન'' નિમિત્તે રજુ છે અહીં ભારતીય નારીની વાસ્તવિકતા)**

## પુત્રીના જન્મનો ક્યાં હરખ કરાય છે ?

પુત્રીના જન્મનો ક્યાં હરખ કરાય છે ?
અઢીની થાય ને ભણવા ધકેલાય છે,
થાય પાંચની ને રસોઈ શિખવાડાય છે,
દશની થતાં તો સર્વ ઘરકામ કરતી થાય છે.
સમાજમાં જાળવવા મોભો પાઠશાળા મોકલાય છે,
વધુ શિખી દિક્ષા ન લઈ લે તે સુદ્ધા જોવાય છે,
બાળપણથી જ શિશુ ચેષ્ટાઓ માટે પણ રોકાય છે,
અઢારે પહોંચે ત્યાં તો માગા શરૂ કરાય છે.
પસંદ પડે ના પડે લગ્નના ખુટે બાંધી દેવાય છે,
સાસરે પણ ક્યાં તેની મનમાની સચવાય છે,
એક કહે ઉઠે, ને બીજાના કહે બેસાડી દેવાય છે,
પુત્ર અવતરે પેટે, તો ડાહી કહેવાય છે,
પુત્રી અવતરતા તેનેજ દોષીત ઠેરવાય છે,
સારુ કરે કામ તો સાસરુ વખણાય છે,
જરા થયું ખોટું તો પિયરને વગોવાય છે.
ઉઠે અવાજ વિરોધનો તો તુર્ત ડામી દેવાય છે,
મોઢુ કરતાં હાથ-પગ ઝાઝા ચલાવાય છે,
છતાં ન ધાર્યું થતાં છૂટાછેડા આપી દેવાય છે.
દહેજના ખપ્પરમાં કંઈ કેટલીય હોમાય છે
કો'ક રહે અપવાદ નસીબવંતી તેમાં,
અન્યથા જન્મ્યા જેની કુખે
તેવી જનેતા સમાન નારીનો
જીવ લેતા ક્યાં કોઈ ખચકાય છે !!!
પુત્રીના જન્મનો ક્યાં હરખ કરાય છે ?......

❑ **જ્ઞાનેશ લાપસીયા**

## સાભાર સ્વીકાર

**એસ.કે. કૉલેજ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી**

૮૫,૦૦,૦૦૦ સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)

**શ્રીમતી ભગવતીબેન કાંતિલાલ સાલવી એજ્યુકેશન સેન્ટર**

૭૦,૦૦,૦૦૦ શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી વાડો)

**પ્રદિપભાઈ કૉલેજ ઓફ કોમર્સ અને મેનેજમેન્ટ**

૬૦,૦૦,૦૦૦ પ્રદિપકુમાર એન્ડ કાં (કુંભારીયા પાડો)

**વસુમતી સેવંતીલાલ કૉલેજ ઓફ આર્ટસ માસમીડીયા એન્ડ ફેશન ડિઝાઈનીંગ**

૫૦,૦૦,૦૦૦ કે. સેવંતીલાલ એન્ડ કાં. (ચીતારાની ખડકી)

**શ્રીમતી નિરૂબેન સેવંતીલાલ દલપતચંદ શાહ પ્રિપ્રાયમરી સ્કુલ ફંડ**

૩,૦૦,૦૦૦ શ્રી સેવંતીલાલ દલપતચંદ શાહ (શાંતિનાથની પોળ)

**અતિથિગૃહ રીનોવેશન ભેટ**

૧,૫૦,૦૦૦ શ્રી મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ (કુંભારીયા પાડો)

**સમાજ વિકાસ કોરપસ ફંડ**

૧,૨૫,૦૦૦ શ્રી દિપકભાઈ રેવંતિલાલ શાહ (કનાસાનો પાડો)
હ. શ્રીમતી સોનમબેન વિશાલભાઈ શાહ

૧,૨૫,૦૦૦ શ્રી યશવંતલાલ હરીલાલ ઝવેરી (બ્રાહ્મણ વાડો)
હ. શ્રીમતી અમીબેન તુષારભાઈ ઝવેરી

**હેલ્થકેર સાધન કોરપસ ફંડ**

૧,૨૫,૦૦૦ શ્રી દિનેશભઈ શાંતિલાલ શાહ
(બ્રાહ્મણવાડો, સિદ્ધચક્રની પોળ)
સ્વ. શ્રી મહેન્દ્રભાઈ શાંતિલાલ શાહના સ્મરણાર્થે
હ. શ્રીમતી ભવિતાબેન પરાગભાઈ શાહ
(કોકાનો પાડો)

**મેડીકલ સહાય કોરપસ ફંડ**

૧,૨૫,૦૦૦ શ્રીમતી સ્મીતાબેન હેમંતભાઈ વૃજલાલ શાહ
(તંબોલી વાડો)
શ્રી હેમંતભાઈ વૃજલાલ શાહના સ્મરણાર્થે
હ. શ્રી કીરીટભાઈ સેવંતીલાલ શાહ

**દવા સહાય ભેટ**

૫૦,૦૦૦ શ્રી મફતલાલ કેશવલાલ શાહ
(કુંભારીયા પાડો)
હ. શ્રી નકુલ હર્ષદભાઈ શાહ

સ્વ. શ્રીમતી ભગવતીબેન મફતલાલ શાહના સ્મરણાર્થે
(૫૦૦ ડોલર - રૂા. ૩૩૨૫૦/- રૂા. ૧૬૭૫૦/- રોકડા)

૫,૦૦૦ શ્રીમતી પદમાબેન જસવંતલાલ શાહ
૮૩ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે (વસાવાડો)

**સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ**

૨૧,૦૦૦ શ્રીમતી દમયંતીબેન મંગલભાઈ શાહ
(લખીયાર વાડો)

## મેડીકલ કેમ્પ અહેવાલ

શ્રી પાટણ જૈન મંડળ મેડીકલ સમિતિ દ્વારા વોકહાર્ટ હૉસ્પિટલના સૌજન્યથી રવિવાર, તા. ૨૪-૧-૨૦૧૬ના શ્રી પાટણ જૈન મંડળ સભાગૃહ ખાતે મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં Blood Pressure, Body Mass Index (BMI), Random Blood Sugar, CBC, ECG વગેરેની તપાસ વિનામુલ્યે કરવામાં આવેલ, જેમાં ૨૮ ભાઈઓ તથા ૪૩ બહેનોએ ચેક-અપ કરાવેલ.

કેમ્પ દરમ્યાન ડૉ. રમણ ગોયલ દ્વારા obesity તથા diet વિશે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કરવામાં આપવામાં આવેલ.

આ પ્રસંગે એડમીનીસ્ટ્રેશન સહમંત્રી શ્રી નીખીલભાઈ મહેન્દ્રભાઈ બેન્કર દ્વારા સૌને આવકાર આપવામાં આવેલ.

મેડીકલ કેમ્પમાં પ્રમુખ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ, ઉપપ્રમુખ શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ, શ્રી તુષારભાઈ પ્રવીણચંદ્ર શાહ, શ્રીમતી માલવબેન ચિરાગભાઈ શાહ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## PATAN MEDICOS DIRECTORY

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા Doctors Medicos Directory બનાવવાની શરૂઆત કરી છે. Medical તથા Peramedical Profession સાથે સંકળાયેલ સર્વે પટ્ટણી ડૉક્ટરોને વિનંતી છે કે તેમના નીચે જણાવ્યા મુજબની વ્યવસાયીક વિગત મંડળને patanmandal@gmail.com ઉપર વહેલી તકે મોકલે.

Doctor's Name, Age, Date of Birth, Mahollo, Qualification, Mobile No., Tel Residence, Email ID, Resi. Full Address, Clinic Name, Clinic Address, Clinic Phone, Fax, Web Page, Hosp. Attachments, Other Info etc.

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના !

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા શ્રીમાળી | ઢંઢેરવાડો | યોગેશભાઈ ભાનુભાઈ શાહ | ૫૬ | આણંદ | ૦૬-૦૧-૨૦૧૬ | માગસર વદ - ૧૨ |
| દશા ઓસવાલ | કસુંબિયા વાડો | દેવેન્દ્રભાઈ જીવણલાલ શાહ | ૬૯ | અમદાવાદ | ૧૮-૦૧-૨૦૧૬ | પોષ સુદ - ૯ |
| વિશા શ્રીમાળી | શાંતિનાથની પોળ | અશોકકુમાર અંબાલાલ શાહ(પાલેજવાળા) | ૮૧ | વડોદરા | ૧૯-૦૧-૨૦૧૬ | પોષ સુદ - ૧૦ |
| વિશા પોરવાલ | અજીતનાથની પોળ | બ્રિજેશ તનવીરભાઈ શાહ | ૪૬ | ઘાટકોપર | ૨૧-૦૧-૨૦૧૬ | પોષ સુદ - ૧૨ |
| વિશા પોરવાલ | વખતજીની શેરી | નવીનચંદ્ર ભોગીલાલ શાહ (દવાવાળા) | ૯૦ | મરીન ડ્રાઈવ | ૨૬-૦૧-૨૦૧૬ | પોષ વદ - ૦૨ * |
| વિશા શ્રીમાળી | વખતજીની શેરી | હરેશભાઈ મહાસુખલાલ શાહ | ૭૦ | કેમ્પ્સ કોર્નર | ૩૦-૦૧-૨૦૧૬ | પોષ વદ - ૦૬ |

* ચક્ષુદાન કરેલ છે ✸ દેહદાન કરેલ છે ● ત્વચાદાન + અંગદાન * * દેહદાન કરો અને કરાવો (**યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન**)

W.P.P. License No. MR/TECH/WPP-120/South /2015. License to post without prepayment.
PATAN PRATIBIMB ● February 2016 ● PRICE Rs. 2/- ● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001
Published on 15th of every month on 25th and 26th of everymonth. Postal Regd. No. MCS / O84 / 2015-17

# કૉલેજ માટે દાનગંગાનો ધોધ.......

આજથી ૧૦૩ વર્ષ પહેલા શિક્ષણના પ્રસાર હેતુ સ્થપાયેલ આ સંસ્થાની શતાબ્દિ ઉજવણી પ્રસંગે ભૂમિપૂજન પશ્ચાત માત્ર બે માસના સમય અંતર્ગત શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ (કુંભારીયાપાડો) તરફથી એસ.કે. કૉલેજ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી માટે રૂા. ૮૫ લાખ, તેમજ શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ તરફથી પ્રદિપ કૉલેજ ઓફ કોમર્સ અને મેનેજમેન્ટ માટે રૂા. ૬૦ લાખ, શ્રી સેવંતીલાલ અંબાલાલ શાહ (ચિતારાની ખડકી)ના પરિવાર તરફથી વસુમતી સેવંતીલાલ કૉલેજ ઓફ આટર્સ, માસ મિડિયા એન્ડ ફેશન ડિઝાઈનીંગ માટે રૂા. ૫૦ લાખ તેમજ શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી વાડો)તરફથી શ્રીમતી ભગવતીબેન કાંતિલાલ સાલવી એજ્યુકેશન સેન્ટર માટે રૂા. ૭૦ લાખની સખાવત મંડળમાં મોકલવામાં આવેલ છે.

દાતાશ્રીઓ તરફથી પ્રાપ્ત થયેલ ઉમદા આર્થિક સહયોગથી નૂતન કૉલેજ નિર્માણ પ્રવૃત્તિને વેગ પ્રાપ્ત થયેલ છે, જે માટે મંડળ ઉપરોક્ત ચારેય દાતા પરિવારજનોના ખૂબ ખૂબ આભારી છે.

તા. ૧૬-૧૨-૨૦૧૫થી તા. ૧૬-૧૨-૨૦૧૬ સુધીનું વર્ષ શતાબ્દિ ઉજવણી વર્ષ તરીકે જાહેર કરવામાં આવેલ છે તેના પ્રથમ ચરણે પાટણ ખાતે શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય, કેમ્પસમાં પાંચ એકરની ભૂમિમાં તા. ૧૬-૧૨-૨૦૧૫ના શુભદિને આટર્સ, સાયન્સ અને કોમર્સ કૉલેજ તથા સંકુલનના નૂતન મકાનનું ભૂમિપૂજન ગુજરાત રાજ્યના રાજ્યપાલ માનનીય શ્રી ઓ.પી. કોહલીના વરદ હસ્તે કરવામાં આવેલ.

## Program for February 2016

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1 | **Sports** | Sun | **28-Feb** | Mah V 5 | 9.00 to 3.00 | Gore. Sports Club | **45 & above Cricket Match** |
| 2 | **Sports** | Sun | **28-Feb** | Mah V 5 | 6.00 to10.00 | Gore. Sports Club | **Final Cricket Match** |

## Tentative Programs for Forthcoming Months

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1 | **Eco. & Soci. Upliftment** | Sun | **13-March** | Fag S 5 | 9.00 to 9.00 | Vishwakarma Baug Vile Parle (W) | **Trade Fare & Exbitation** |

**P *for* P** **Patanis *for* Patanis**

## *TRADE FAIR*

Sunday, 13 March 2016

**Time : 9.00 am to 9.00 pm**

***Venue:* Vishwakarma Baug,**

**36/37, Bajaj Road, Vile Parle (W),**

**Mumbai - 400056**

**Social & Economic Upliftment Committee**

TO,

Edited, Printed & Published by MAHENDRA NEMCHAND SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service industries, Dadaji Knoddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.